Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूजां विधायामलां।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनंवचः॥
सच्छील परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना॥१॥

પુસ્તક ૩૨ મું. ચૈત્ર. સંવત ૧૯૭૨. વીરસંવત ૨૪૪૨. અંક ૧ લો.

પ્રગટ કર્તા.
શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | નૂતન વર્ષની અભ્યર્થના. ... ... ... ... | ૧ |
| ૨ | શ્રી જિનેંદ્રદેવ સ્તુતિ.... ... ... ... ... | ૨ |
| ૩ | આપવીતી ... ... ... ... ... ... | ૨ |
| ૪ | નવું વર્ષ ... ... ... ... ... ... | ૩ |
| ૫ | પ્રશમરતિ પ્રકરણ. ... ... ... ... ... | ૭ |
| ૬ | દુઃખિતેષુ કુરૂ દયા. ... ... ... ... ... | ૨૦ |
| ૭ | કસ્તુરી અને ચંદનનો સંવાદ. ... ... ... ... | ૨૭ |
| ૮ | દાન, શીલ, તપ અને ભાવનો સંવાદ. ... ... ... | ૩૦ |
| ૯ | શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સનું દશમું અધિવેશન. ... ... | ૩૫ |


શ્રી "આનંદ" છાપખાનું—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## [illegible] પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

[illegible] બહાર પડશે. ( ફોટો આરેજ બાકી છે. )

[illegible] મૂળ, પં. ગંભીરવિજયજી કૃત ટીકાયુકત.

[illegible] ગ્રન્થ મૂળ–મૂળ ને ટીકાના ભાષાંતર યુકત. ( બુકાકારે )

[illegible]દેશના ભાષાંતર. ( બંધાય છે )

### ૨. હાલમાં છપાય છે.

કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુકત.

ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. મોટી ટીકાયુકત.

[illegible] પૂર્વક કર્મગ્રંથાદિ વિચાર ( બુકાકારે )

શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ સંસ્કૃત.

ત્રિષષ્ટી શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮–૯ ( આવૃત્તિ ૨ જી. )

પંચ પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી. ( શીલા છાપ. )

ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

[illegible]ગામવાળા શા. ચુનીલાલ સાંકળચંદની આર્થિક સહાયથી )

[illegible] ચરિત્ર ભાષાંતર.

શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ રાણપુરવાળાની સહાયથી. )

### ૩. તૈયાર હોવાથી તરતમાં છપાવા શરૂ થશે.

[illegible] ઉપદેશ પ્રાસાદ ગ્રન્થ મૂળ ( સ્થંભ ૭ થી ૧૨ )

( શેઠ હીરાલાલ બકોરદાસની સહાયથી )

[illegible] સપ્તતિકા ( છઠ્ઠા કર્મગ્રન્થ ) ની ભાષ્ય, ટીકાયુકત.

[illegible] પરિશિષ્ટપર્વ ભાષાંતર.

### તૈયાર થાય છે.

[illegible] કર્પૂરપ્રકર ગ્રન્થ મોટી ટીકાયુકત.

( શ્રી ઈડર નિવાસી મેતા. હીરાચંદ લક્ષ્મીચંદની સહાયથી )

[illegible] ઉપદેશ પ્રાસાદ ગ્રન્થ મૂળ ( સ્થંભ ૧૩ થી ૨૪ )

[illegible] ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર ( ૨૦ હજાર શ્લોકનું )

[illegible] હેમચંદ્રાચાર્ય ચરિત્ર ( ગુજરાતી ભાષામાં, સ્વતંત્ર લેખ. )

[illegible] હિર સૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.

[illegible] ચંદરાજાનો રાસ–સાર અને રહસ્ય.

( શ્રી પાલીતાણા નિવાસી શા. રણછોડદાસ [illegible]ચંદની સહાયથી )

[illegible]–૧૩–૧૪–૧૬–૧૭–૧૮–૧૯ વાળા ગ્રંથો યા બુકો પોતા તરફથી [illegible] જે ગૃહસ્થની ઈચ્છા થાય તેમણે અમને લખવા તસ્દી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सौंदर्यं प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. ચૈત્ર.. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. અંક ૧ લો.


## ॥ नूतन वर्षनी अभ्यर्थना ॥

( રાગ—માલકોશ )

श्री જિન[1]ચરણ-શરણ સુખકારી. શ્રી.
जैन પ્રભા જગમાં વિસ્તારી, મિથ્યા-તિમિર નિવારી. શ્રી.
नविन ભાવરસ રેડો મુજમાં, [2]નવ વર્ષે મનોહારી. શ્રી.
धवल કરો ભવિજનના મનને, અહે [3]સમયરસ કયારી. શ્રી.
रग રગ રમ્ય રમણતા ધારે, ચિદ્દ્ઘન જ્યોત પ્રસારી. શ્રી.
मग्न બની શાસનસર[4] ઝીલે, ત્રણવિધ તાપ વિદારી. શ્રી.
प्रબળ બને નિજપરના હિતમાં, ધીરજ શૌર્ય વધારી. શ્રી.
का[5]મદેવનું [6]પદ શોભાવે, મમતા મનથી મારી. શ્રી.
शम દમ મૃદુતા [7]વરંતર સેવે, અંતર—ભૂમિ સુધારી શ્રી.
वांછિત દાતા ભવભયત્રાતા, પરમાતમ અવિકારી. શ્રી.
चोવીશમા શ્રીવીર ચરણમાં, એ અરદાસ ઉચ્ચારી. શ્રી.

રત્નસિંહ—ડુમરાકર.

---

૧ પદ—ચારિત્ર. ૨ નૂતન. ૩ સિદ્ધાંત. ૪ શાસનરૂપી સરોવરમાં સ્નાન કરે. ૫ કામદેવ શ્રાવક. ૬ સ્થાન—પદવી. ૭ અતિ શ્રેષ્ઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जिनेंद्रदेव स्तुति.

રાગ માઢ.

બીરા વેસ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. એ ચાલ.

જિનરાજને ભજ લે, પાતક તજ લે, પ્યારા પ્રાણ સુજાણ;
જગું સાંગી મજલે. સંબળ સજ લે, પાતક તજ લે, પ્યારા પ્રાણ સુજાણ.
જે જે નજરે નિહાળે તું ચેતન, તે તે અનિત્ય અસાર;
દુર્ગતિ પડતાં પ્રાણીને ધારે, ધર્મ તે નિત્ય સ્વિકારરે.
સંસાર ન રઝળે, સત્ય સમજ લે, પાતક તજ લે, પ્યારા પ્રાણ સુજાણ.
જિનરાજને ભજ લે, પાતક તજ લે, પ્યારા પ્રાણ સુજાણ.

કવિ—સાંકળચંદ.

# आप वीती.

( શી કહું કથની મારી રાજ—એ લયમાં. )

શી કહું કથની મારી નાથ, શી કહું કથની મારી.
હવે શરણ દઈ લ્યો તારી, નાથ. શી કહું.
દશ દૃષ્ટાંતે દુર્લભ ભવ પણ, પુણ્ય થકી હું પામ્યો;
ભાવની ભૂલવણીમાં ભૂલ્યો, વિષય થકી ન વિરામ્યો-નાથ શી કહું.
આર્યભૂમિ ને ઉત્તમ કુળમાં, જન્મ ધર્યો શુભ યોગે;
સાધ્ય ન સાધ્યું મૂઢપણાથી, ભ્રમિત થયો હું ભોગે-નાથ શી કહું.
તનુપટુતા ગુરૂસંગ મળ્યો પણ, દૂર પ્રમાદ ન કીધો;
ઇંદ્રિય સુખમાં બાળ બનીને, ઉન્મારગ મેં લીધો-નાથ શી કહું.
શ્રવણ યોગ સાધીને દિનદિન, બહુ વાતો નિરધારી;
કરણી કરતાં કાયા કંપે, મૂર્છા મેં ન નિવારી-નાથ શી કહું.
સત્સાધન સંપ્રાપ્ત થયા પણ, મધુબિંદુમાં અટકયો;
આજકાલ કરી સમય ગુમાવ્યો, લોભે અધર હું લટકયો-નાથ શી કહું.
લક્ષ્મીની લીલા પામીને, માન કરી મદ માતો;
અહંભાવમાં અક્કડ થઈને, ક્રોધે બન્યો હું રાતો-નાથ શી કહું.
તાત ! વાત સઘ અંતરની એ, કહેતાં પાર ન આવે;
અંતર બળ આપો અવિનાશી, તો સેવક સુખ પાવે-નાથ શી કહું.

રત્નસિંહ દુમરાકર.

For Private And Personal Use Only

# નવું વર્ષ.

શ્રી પરમાત્માની પરિપૂર્ણ કૃપાથી હું નિર્વિઘ્નપણે આજે ૩૨ મા વર્ષમાં પ્રવેશ કરૂં છું. જગત્‌ના જીવોની અંદર વય વધતી જાય ત્યારે આયુષ ઓછું થતું જાય એમ કહેવાય છે અને તે વાસ્તવિક છે, પરંતુ મારે માટે તેમ નથી. મારી તો વય વધતી જાય છે તે પ્રમાણમાં મારૂં આયુષ્ય પણ વધતુંજ જાય છે. કેમકે મારો જન્મ અન્ય નિર્માલ્ય જીવો કે સામાન્ય મનુષ્યની જેવો નિર્માલ્ય નથી, પણ હું બાહ્ય અને આંતરિક શોભામાં વૃદ્ધિ પામી એવો સંગ્રહ કરાવું છું કે જે તેના સંગ્રહકારકને તેમજ તેની પાછળની પ્રજાને પણ અનેક રીતે ઉપકારક થાય. જીવ્યું તેનુંજ સફળ છે કે જે પરના ઉપકાર માટેજ જીવે છે. તે સિવાય મનુષ્ય તરીકે જન્મીને તેમજ મારી પંક્તિમાં પણ જન્મ ધારણ કરીને અલ્પવયમાં આત્મહિત કે પરહિત કર્યા સિવાય ઘણા પંચત્વ પામી ગયા છે. આટલું પ્રસંગોપાત સૂચવીને હું મારા સ્વરૂપદર્શન તરફ દૃષ્ટિ કરવા વિજ્ઞપ્તિ કરૂં છું. ગત વર્ષનું મારા સ્વરૂપનું દર્શન ટૂંકામાં આ પ્રમાણેનું છે.

ગતવર્ષમાં ૧૨ હેડીંગ નીચે કુલ ૧૦૭ લેખો આપવામાં આવેલા છે અને મુખપૃષ્ઠપરના ઉપમિતિભવપ્રપંચાના વાક્યપરના વિવેચનને ૧૦૮ નો આંક આપવામાં આવ્યો છે. સદરહુ ૧૦૭ લેખમાંથી છેવટે આપેલા ખેદકારક મૃત્યુ સંબંધી નોંધના ૪ લેખ અને વર્તમાન સમાચારના ૩ લેખ કે જે તંત્રીનાજ લખેલા છે તે બાદ કરતાં બાકીના ૧૦૦ લેખ પૈકી ૨૪/૧૦૦ લેખ પદ્યબંધ અને ૭૬/૧૦૦ ગદ્યબંધ છે. પદ્યબંધ ૨૪ લેખો પૈકી ૯ **પ્રાચીન** છે, જેમાં ૪ સ્તવનો છે, ૨ ચંદગુણાવળીના કાગળો છે અને ૩ મનહર, સવૈયા ને કુંડળીઆના લઘુ લેખ છે; બાકી ૧૫ જુદા જુદા લેખકોના લખેલા છે, તેનાં પ્રારંભનો ૧ **શાસ્ત્રી નર્મદાશંકરનો**, ૩ **દુર્લભજી ગુલાબચંદ મહેતાના**, ૪ **કવિ સાંકળચંદના**, ૬ **રત્નસિંહ દુમરાકર** કે જે હાલ નવા લેખક થયેલા છે તેમના અને ૧ **અમીચંદ કરશનજી**નો છે. એઓ પ્રથમ કવિતા મોકલતા હતા, તેઓ પાછા હાલમાં જાગૃત થયેલા છે.

ગદ્યબંધ ૭૬ લેખો પૈકી મોટો ભાગ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીનો અને તંત્રીનો છે. **મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી**ના નાના મોટા ૬૩ લેખો આવેલા છે. તે પૈકી જ્ઞાનસાર સૂત્ર વિવરણના પેટામાં છેલ્લા ૪ અષ્ટક અને ઉપસંહાર મળી પાંચ પેટાભાગ છે. અને સૂક્તમુક્તાવળીના પેટામાં પણ ૫ લેખો છે. આ દશે લેખોમાં તંત્રીએ વિવેચન લખેલું છે. બીજા લેખો પૈકી ૭ ધાર્મિક, ૧૩ નૈતિક, ૮ ઉપદેશક, ૧ સામાજિક અને ૨ પ્રકીર્ણના પેટામાં આવેલા છે. આ બધા લેખો સામાન્ય વાંચનારાઓ દરેકને ઉપકારક થઈ શકે તેવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અસરકારક છે. સામાજિક લેખમાં જૈનશાળાના કાર્યવાહકોને સૂચનાનો લેખ છે તે લક્ષ આપવા યોગ્ય છે. આ મુનિરાજના લેખનો પ્રવાહ અસ્ખલિત વહ્યાજ કરે છે.

તંત્રીના લખેલા ૧૭ લેખો પૈકી પ્રથમ ૧ નવા વર્ષનો છે. બીજો ચંદરાજાના રાસ ઉપરથી નીકળતા સારનો ૭ અંકમાં આવેલો છે. તેણે વાંચકોના દિલનું સારૂં આકર્ષણ કરેલું છે. આવશ્યકના સૂત્રો સંબંધી પ્રશ્નોત્તર, સાદી શિખામણ, અમર થવાની તીવ્ર ઇચ્છા, અને ખમત ખામણાના પત્રો સંબંધી લેખ ખાસ ધ્યાન આપવા લાયક છે. 'જૈન ધર્મની કેટલીએક પ્રવૃત્તિઓ અને તેને તંદુરસ્તી સાથે ગાઢ સંબંધ' આ લેખ પૂરેપૂરો મનન કરવા લાયક છે. અન્ય દર્શનીઓને પણ વંચાવવા યોગ્ય છે. ભક્તિને મિષે થતી આશાતનાઓનો લેખ જૈન બંધુઓએ લક્ષપૂર્વક વાંચી વંચાવી તે તે આશાતનાઓથી દૂર રહેવાની આવશ્યક્તા છે. એમાં બતાવેલા દરેક પ્રકારો દીર્ઘ વિચારથી લખાયેલા છે. સામાજિક લેખોનાં પેટામાં ૪ લેખ જૈન કોન્ફરન્સ, આગમોદય સમિતિ તથા શ્રીમહાવીર વિદ્યાલયને અંગે લખેલા છે. એ ત્રણે સંસ્થાઓ જૈનવર્ગનું ખાસ હિત કરનારી છે. તેના પર પૂરતું લક્ષ આપવા માટે તે લેખો લખવામાં આવ્યા છે. સ્વીકાર અને અવલોકનના પેટામાં ૫ લેખ લખેલા છે. તે શ્રીમહાવીર અંક તથા યુગાદિ દેશના વિગેરેની સમાલોચનાને અંગે લખેલા છે. આ તમામ લેખોનો મોટો ભાગ બહુ આવશ્યક્તા વાળો અને વિસ્તારથી લખાયેલો છે. મારા વાંચનારાઓને તે લેખો તરફ ફરીને દૃષ્ટિ કરવા સૂચવું છું.

**ઉપદેશ કલ્પવલ્લી** નામની મન્નહજિણાણંની શ્રાવકના કૃત્ય સૂચવનારી સજ્ઝાય ઉપરની ટીકામાંથી કુમારપાળ રાજાની અને શ્રીગુપ્તની કથાનું ભાષાંતર કરાવીને આપેલ છે. **સંવાદ સુંદર** નામના અન્યોક્તિ વડે ઉપદેશ આપનારા રસીક ગ્રંથનું ભાષાંતર કરાવી તેમાંના ૯ સંવાદો પૈકી ૭ સંવાદો આ વર્ષમાં આપેલા છે. બે પ્રાચીન આચાર્ય **શ્રીવિજયદેવસૂરિ** તથા **શ્રીવિજયસિંહસૂરિ** મહારાજના સાધુ મુનિરાજની પ્રવૃત્તિને નિયમિત તેમજ વિશુદ્ધ કરવા માટે બહાર પાડેલ આજ્ઞાઓ રૂપ **પટ્ટક** શુદ્ધ કરાવી સમજી શકાય તેવી ભાષામાં આપ્યા છે અને એક 'પુરાણી વસ્તુઓની શોધ ખોળ અને જૈનોની ફરજ' નો લેખ ઇંગ્રેજી લેખના ભાષાંતરનો **એક વિદ્વાને** લખી મોકલેલો દાખલ કરેલો છે. પરંતુ તેમણે પોતાનું નામ આપવું દુરસ્ત ધારેલું નહીં હોવાથી અમે આપેલ નથી. આ પ્રમાણેના ૧૨ લેખ પ્રાચીન મહાપુરૂષોની પ્રસાદી તરીકેના આપવામાં આવેલા છે.

પરચુરણ ૧૮ લેખો જુદા જુદા લેખકોની કસાયેલી કલમોથી લખાયેલા છે. તે પૈકી ત્રણ લેખો **મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટર**ના મૌક્તિકની સંજ્ઞાવાળા નવમા, દશમા ને અગ્યારમા સૌજન્ય સંબંધી વિસ્તારથી લખાયેલા છે અને તે જુદા જુદા સાત અંકમાં આવેલા છે. બે લેખ **નેમચંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગીરધરલાલ કાપડીઆના** લખેલા છે. તે પૈકી એક ' અહિંસા પરમો ધર્મ: ' ના સંબંધમાં એક વિદ્વાને આપેલા ભાષણના રહસ્ય સંબંધી બહુ અસરકારક લેખ બે અંકમાં આવેલો છે, અને એક 'ઉત્તમતા ને આરોગ્યતા પ્રાપ્ત્યર્થે નિયમો ' નો લેખ ઇંગ્રેજી વિદ્વાનના લેખના ભાષાંતર તરિકેનો છે. આ બંને લેખો ઉપયોગી અને વાંચવા લાયક છે. વડોદરા નિવાસી **વકીલ નંદલાલ લલ્લુભાઈ**ના લખેલા ન્યાય વૃત્તિ, સદ્‌ગુણી સ્ત્રીઓ, અને હું પોતે—આ મથાળાવાળા ૩ લેખો પણ ઉત્તમ પંક્તિના દાખલ કરેલા છે. 'મન સ્થિર કેમ થાય?' એ લેખ **માસ્તર દુર્લભદાસ કાળીદાસ**ના લખેલો બે અંકમાં આવેલો છે. તેની અંદર મન સ્થિર થવાના કારણો બહુ સારાં સૂચવ્યાં છે. લેખ વાંચવા લાયક છે. કેળવણી પ્રત્યે માબાપની ફરજનો લેખ **નરોતમ બી. શાહનો,** સદ્‌બોધ વચનમાળાનો **સવચંદ દામોદરદાસનો,** જૈનશાળા શિક્ષણક્રમનો **જૈન શ્રેયસ્કર મંડળનો,** વિધવા બાઈઓ માટેની અપીલનો **બાઈ વાલી વીરચંદનો** અને જૈન દૃષ્ટિએ યોગના અવલોકનનો **ચંદનમલ નાગોરીનો**—આ પ્રમાણેના છ લેખ જુદા જુદા છ લેખકોના લખેલા દાખલ કરેલા છે. તે પણ પ્રસંગને અનુસરતા તેમજ ઉપયોગી છે. એકંદર પરભાર્યા ૯ લેખકના લખેલા ૧૪ લેખો આપવામાં આવ્યા છે.

ઉપર પ્રમાણે એકંદર ૧૦૮ લેખોવડે મારા દેહને જેમ બને તેમ વિશેષ અલંકૃત કરીને મારા ઉત્પાદકો તેમજ પોષકોએ પોતાના બોધનો તેમજ લેખનશક્તિનો જૈનબંધુઓને બની શકે તેટલો લાભ આપ્યો છે અને પોતાને પ્રાપ્ત થયેલ આત્મવિર્યનો યોગ્ય ઉપયોગ કર્યો છે. માત્ર એક રૂપીઆ જેટલા લવાજમની અંદર ૪૦૦ પૃષ્ટનું વાંચન અને એક જૈન પંચાંગ તથા ભેટની બુકનો લાભ આપવા વડે મારી જન્મદાતા સભાએ મારા સાધનદ્વારા કોઇ પણ પ્રકારની દ્રવ્યેચ્છા રાખી નથી; એટલુંજ નહીં પણ તેની અંદર આયપત કરતાં ખર્ચ વધારે કરીને માત્ર જૈનવર્ગ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ પ્રદર્શિત કરી છે. આ સંબંધમાં હું તેનું અત્યંત આભારી છું.

મારા ઉત્પાદકો અને પોષકોનો વિચાર દિનપરદિન વિશેષ ઉત્તમ લેખો લખીને જૈન વર્ગને તેનો અમૂલ્ય લાભ આપવાનો વૃદ્ધિ પામતો જાય છે તે ખુશી થવા જેવું છે. પ્રસ્તુત વર્ષમાં સન્મિત્ર કર્પૂરવિજયજીની પ્રસાદી તરીકે લાંબા વખતથી વિસારી મૂકેલો **પ્રશમરતિનો** લેખ આપીને તે ગ્રંથ સમાપ્ત કરવા ઇચ્છા છે. **સૂક્તમુક્તાવળી**ના બાકીના લેખો તેઓ સાહેબે તો લખી મોકલેલા છે, પરંતુ તે જુદી બુક છપાવવાના ઇરાદાથી હાલ રાખી મૂકવામાં આવ્યા છે. બીજા નાના મોટા અનેક લેખો વડે તેમના ઉપદેશની પ્રસાદી તો દરેક અંકમાં મળ્યાજ કરવાની છે. તંત્રી તરફથી **શ્રીપાળરાજાનારાસ ઉપરથી નીકળતા સાર** વાળો લેખ આ વર્ષમાં બનતા સુધી પૂર્ણ કરવાનો છે, કારણકે શ્રીપાળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાના રાસ ઉપરથી નીકળતા સારની જેમ આ સારની બુક પણ જુદી છપાવવાની છે. બીજા અનેક જુદા જુદા વિષયોને અંગે તેમના તરફથી લેખો આવવાના છે. **આચારાંગ** તથા **નંદીસૂત્ર** વિગેરેમાંથી કેટલીક પ્રસાદી અમારા વાંચકોને ચખાડવા ઇચ્છા છે અને તેવા લેખો આપીને સૂત્રોમાંથી તેના રહસ્યનો લાભ શ્રાવકવર્ગને કેવી રીતે આપવો યોગ્ય છે તેનો માર્ગ બતાવવા ઇચ્છા વર્તે છે. **સંવાદસુંદર**માંથી બાકી રહેલ બે સંવાદ આપવાના છે અને બીજી રસીક કથાઓના ભાષાંતર કરાવી કથારસિક વાંચકોની જીજ્ઞાસાને પણ તૃપ્ત કરવામાં આવનાર છે, મૌક્તિક તરફથી છેલ્લા (બારમા) **સૌજન્ય** સંબંધી લંબાણ લેખ આવવાનો છે અને ત્યારબાદ બીજી લેખશ્રેણી તેમના તરફથી શરૂ થનારી છે. અન્ય લેખકો પણ પોતાની શક્તિને ગોપવ્યા સિવાય ઉત્તમ લેખો લખી મોકલવા ઇચ્છા ધરાવે છે અને તેનો લાભ મારી દ્વારા આપવાની તેમની ઇચ્છા વર્તે છે તેથી મારે પણ મગરૂર થવા જેવું છે.

પદ્ય લેખો કવિ સાંકળચંદના, રત્નસિંહ દુમરાકરના, દુર્લભજી ગુલાબચંદના આવવાના છે અને બીજા પ્રાચીન સ્તવનાદિમાંથી ઉપયોગી અને અસરકારકની પસંદગી કરીને તેનો લાભ પણ આપવાની ઇચ્છા વર્ત્તે છે.

આ મારે અંગે ભાવિ વિચારની શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી છે. તેની અંદર પ્રસંગોપાત્ પ્રશસ્ત વૃદ્ધિ થવાનો સંભવ છે. આ એક પરમ ઉપકારનું જ્ઞાનદાનરૂપ કાર્ય છે, જેના ફળની સીમા નથી. વળી વાંચનાર બંધુઓને ઓછું યા વત્તું-ગમે તેટલું હિત થાઓ કિંવા ન થાઓ પરંતુ ઉપકારક બુદ્ધિથી તેવા લેખ લખનારાઓને અને પોતાની બુદ્ધિનો એવી રીતે સદુપયોગ કરનારને તો એકાંત લાભજ છે. આ હકીકતને શાસ્ત્રકાર સારી રીતે પુષ્ટિ આપે છે.

પ્રાંતે આ નવા વર્ષમાં ઉત્તમ લેખોરૂપી નવીન વસ્ત્રાલંકાર સજીને મારા પ્રીતમોને પ્રીતિ ઉપજાવવાના વિચારથી હું પ્રયત્નવાન થાઉં છું. પરંતુ તેમાં ખરો આધાર પરમ કૃપાળુ પરમાત્માની કૃપાનો છે. અને તેમની કૃપાવડેજ નિર્વિઘ્નતા તેમજ ઉત્સાહ વૃદ્ધિ પ્રાપ્ત થવાથી હું આશા રાખું છું કે-અવશ્ય મારા સાધ્યને સિદ્ધ કરવામાં હું ફળિભૂત થઇશ. આ નવીન વર્ષમાં મારા ઉત્પાદકો, પોષકો, હિતેચ્છુઓ, મારા પ્રત્યે શુભ લાગણી ધરાવનારાઓ અને મારો લાભ લઇને પ્રસન્ન થનારાઓ સર્વ પરમાત્માની કૃપાનો લાભ મેળવનારા થાઓ, આરોગ્ય રહો, દેવગુરૂની ભક્તિમાં તત્પર બનો, સમ્યગ્ ધર્મનું આરાધન કરો, પરિમિતસંસારી થાઓ અને સ્વપરહિત કરવાને ઉત્કંઠિત બનો એવી શુભેચ્છા ધરાવી, શુભાશીષ આપી, તેને માટે પરમાત્માને પ્રાર્થના કરી, મારી ફરજ બજાવવા તત્પર થાઉં છું અને પરમ કૃપાળુ પરમાત્માને ત્રિવિધે ત્રિવિધે પ્રણામ કરી મારા સત્કાર્યનો આરંભ કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रशमरति प्रकरण.

( મૂળ, અર્થ, વિવેચન. )

( અનુસંધાન પુ. ૨૯ ના પૃષ્ટ ૨૪૧ થી )

इति गुणदोषविपर्यासदर्शनाद्विषयमूर्छितो ह्यात्मा ।
भवपरिवर्तनभीरुभिराचारमवेक्ष्य परिरक्ष्यः ॥ ११२ ॥

सम्यक्त्वज्ञानचारित्रतपोवीर्यात्मको जिनैः प्रोक्तः ।
पञ्चविधोऽयं विधिवत्साध्वाचारः समनुगम्यः ॥ ११३ ॥

**અર્થ**-ગુણદોષના વિપર્યાસથી વિષયમૂર્ચ્છિત થયેલા આત્માનું, ભવભ્રમણથી ભય પામેલા ભવ્ય જનોએ આચાર ચિંતનવડે સમસ્ત પ્રકારે રક્ષણ કરવું. ૧૧૨.

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ પાંચ પ્રકારનો સાધુનો આચાર જિનેશ્વરોએ કહેલો છે તેને સમ્યગ્ રીતે અનુસરવું. ૧૧૩.

**વિવેચન**-આ રીતે જે કોઇ ગુણને દોષ રૂપે જુએ છે અને દોષને ગુણરૂપે જુએ છે, દૃષ્ટિવિપર્યાસથી વિપરીતતા દેખે છે અને શબ્દાદિક વિષયોમાં તન્મય થઇ જાય છે-થયેલો હોય છે, તેવા મૂઢ-અજ્ઞાન-અવિવેકી આત્માને નરકાદિક ભવભ્રમણની ભીતિ પામેલાઓએ પ્રથમ **આચારાંગ** સૂત્રના અર્થને અવગાહી લક્ષમાં લહી સારી રીતે બચાવી લેવો જોઇએ. ૧૧૨.

એ **આચારાર્થ** પાંચ પ્રકારનો છે. તે સંક્ષેપથી બતાવે છે:—

તત્વાર્થશ્રદ્ધાન લક્ષણ પ્રથમ સમ્યક્ત્વાચાર, તે સમ્યક્ત્વથી સહાય પામેલ બીજો મત્યાદિક જ્ઞાન પંચકાચાર, અષ્ટવિધ કર્મચયરિક્ત કરવાથી ત્રીજો ચારિત્રાચાર, અનશનાદિક દ્વાદશ વિધ તપ કરણ રૂપ ચોથો તપાચાર અને આત્મશક્તિ ફોરવવા રૂપ પાંચમો વીર્યાચાર—એ પાંચ પ્રકારનો આચાર પ્રથમ અંગમાં અર્થથી શ્રી તીર્થંકર ભગવંતોએ અને સૂત્રથી ગણધર મહારાજાઓએ નિરૂપેલો છે. તે સાધુનો આચાર મુમુક્ષુ જનોએ વિધિવત્ જાણવો અને આચરવો જોઇએ. એ વિધિ કેવા પ્રકારનો કહેલો છે ? તે કહે છે:-તેમાં **સૂત્રગ્રહણવિધિ** અષ્ટમ યોગાદિ, અને **અર્થગ્રહણવિધિ** અનુયોગ પ્રસ્થાપનાદિ રૂપ જાણવો. તે સકળ સાધુ આચાર-ક્રિયા કલાપ અહોરાત્ર આત્માર્થી જનોએ આચરવા યોગ્ય છે. નવ બ્રહ્મચર્યાત્મક ઉક્ત પાંચ પ્રકારનો આચાર હવે અધ્યયનાર્થ અધિકાર દ્વારવડે સંક્ષેપે કહે છે, ૧૧૩.

For Private And Personal Use Only

षड्जीवकाययतनां लौकिकसन्तानगौरवत्यागः ।
शीतोष्णादिपरीषहविजयः सम्यक्त्वमविकम्प्यम् ॥ ११४ ॥
संसारादुद्वेगः क्षपणोपायश्च कर्मणां निपुणः ।
वैयावृत्त्योद्योगस्तपोविधिर्योषितां त्यागः ॥ ११५ ॥
विधिना भैक्ष्यग्रहणं स्त्रीपशुपण्डकविवर्जिता शय्या ।
ईर्याभाषाम्बरभाजनैषणावग्रहाः शुद्धाः ॥ ११६ ॥
स्थाननिषद्याव्युत्सर्गशब्दरूपक्रियाः परान्योऽन्या ।
पञ्चमहाव्रतदार्ढ्यं विमुक्तता सर्वसङ्गेभ्यः ॥ ११७ ॥
साध्वाचारः खल्वयमष्टादशपदसहस्रपरिपठितः ।
सम्यगनुपालयमानो रागादीन्मूलतो हन्ति ॥ ११८ ॥

શ્રી આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધના કુલ (૨૫) અધ્યયનોના નામ કહે છે.

**અર્થ**–પૃથ્વ્યાદિ છ જીવનિકાયની રક્ષા, ગૃહસ્થ સંબંધી ગૌરવનો ત્યાગ, શીતોષ્ણાદિ બાવીશ પરીસહોનો જય, નિશ્ચય સમકિત, સંસાર થકી ત્રાસ, કર્મ-ક્ષય કરવાનો નિપુણ ઉપાય, વૈયાવચ્ચમાં ઉદ્યોગ, તપોવિધાન, સ્ત્રીસંસર્ગનો ત્યાગ, વિધિથી ભિક્ષાગ્રહણ, સ્ત્રી પશુ પંડગ રહિત શય્યા ( વસતી ), ઇર્યાશુદ્ધિ, ભાષા શુધ્ધિ, વસ્ત્ર પાત્ર એષણા અને અવગ્રહ શુદ્ધિ, સ્થાન, નિષદ્યા, વ્યુત્સર્ગ (મળ-શુદ્ધિ), શબ્દ અને રૂપમાં અનાસક્તિ, પરક્રિયા, અન્યોન્ય ક્રિયા, પંચમહાવ્રતમાં દ્રઢતા, અને સર્વસંગથી વિરક્તતા–આવો સાધુનો અચાર અઢાર હજાર પદ યુક્ત ' આચારાંગ ' માં કહ્યા મુજબ સમ્યગ્ રીત્યા પાળ્યો છતો રાગાદિક દોષોને મૂળથી હણે છે. ૧૧૪–૧૧૮.

**વિવેચન**–પ્રથમ **શસ્ત્રપરિજ્ઞા** અધ્યયનમાં પૃથ્વી, અપ્, તેજસ, વાયુ, વનસ્પતિ અને ત્રસરૂપ ષટ્ જીવનીકાયનું સ્વરૂપ તેમાં શરૂઆતમાં સામાન્યત: જીવનું અસ્તિત્વ પ્રતિપાદન, પછી પૃથિવ્યાદિક છ કાયના સ્વરૂપનું વ્યાવર્ણન, તેના વધથી સંસારનું હેતુક કર્મબંધ, અને મન વચન કાયાવડે તેનો વધ કરવા કરાવવા તેમજ અનુ-મોદવાના પરિહારથી વિરતિ એ રીતે ષટ્ જીવનિકાયનું રક્ષણ કરવા—જ્ઞાન પૂર્વક પ્રયત્ન કરવા સંબંધી ઉપદેશ; બીજા **લોકવિજય** અધ્યયનમાં લૌકિક સંતાન–માતાપિતા સ્વજન સંબંધી સ્ત્રી પુત્રાદિક ઉપરની સ્નેહાસક્તિનો ત્યાગ, તેમજ બળવાન્ ક્ષમાદિક બળવડે ક્રોધાદિક કષાયનો જય; ત્રીજા **શીતોષ્ણીય**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યયનમાં ક્ષુધા તૃષાદિક ૨૨ પરિષહોનો વિજય. ( તેમાં સ્ત્રી અને સત્કાર પરિષહ ભાવથી **શીત** અને શેષ ૨૦ ભાવથી ઉષ્ણ જાણવા. ) ચોથા **સમ્યકત્વ** અધ્યયનમાં શંકાદિક શલ્ય રહિત તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણું દૃઢ-નિશ્ચિત સમકિત વર્ણવેલું છે. પાંચમા **લોકસાર** અધ્યયનમાં સંસારથકી ઉદ્વેગ, હિંસાદિકમાં પ્રવૃત્ત મુનિ કહેવાતા નથી, પરંતુ હિંસાદિકમાં અનેક દોષ જાણી તેથી નિવૃત્ત થયેલ કામ-ભોગથી વિરકત નિષ્પરિગ્રહી મુનિ કહેવાય છે, વળી તે સન્માર્ગ સેવી સારભૂત રત્નત્રયીને પ્રાપ્ત થાય છે. છઠ્ઠા **ધૂત** અધ્યયનમાં સ્વજન, મિત્ર, સ્ત્રી, પુત્રાદિકની નિરપેક્ષતા, તેનો ત્યાગ, જ્ઞાનાવરણીયાદિક કર્મક્ષયનો ઉપાય, શ્રુત જ્ઞાનાનુસારે ક્રિયાનુષ્ઠાન તથા શરીર અને ઉપકરણ ઉપરની મૂર્છાનો ત્યાગ વર્ણવેલ છે. સાતમા **મહાપરિજ્ઞા** અધ્યયનમાં મૂળ ઉત્તર ગુણને સારી રીતે સમજી મંત્ર તંત્ર તેમજ આકાશગામી લબ્ધિનો પ્રયોગ ન કરવો, અને **પ્રત્યાખ્યાન પરિજ્ઞા**માં તજવા યોગ્ય તજીને જ્ઞાન દર્શન તથા ચારિત્રમાં સદા ઉજમાળ થઈ રહેવા ઉપદિશ્યું છે. આઠમા **વિમોક્ષયતના** અધ્યયનમાં તપોવિધિ પ્રાધાન્ય-પણે ગ્રહણ કરેલ છે, શ્રાવકોને દેશ વિમોક્ષ અને સાધુઓને સર્વ વિમોક્ષ, ક્ષીણકર્મા–મુક્તોના આત્માનો પણ સ્વજનિત કર્મ સાથે જે સર્વથા વિયોગરૂપ મોક્ષ તે સવિસ્તર ( વિસ્તાર પૂર્વક )ભકત પ્રત્યાખ્યાન, ઇંગિની અને પાદપોપગમન મરણ સહિત વર્ણવવામાં આવેલ છે. અને **ઉપધાન શ્રુત** નામના નવમા અધ્યયનમાં ભગવાન્ શ્રી વર્ધમાન સ્વામીએ પોતે સેવેલા તપનું સવિસ્તર વર્ણન કરવામાં આ-વેલું છે. તેમજ સ્ત્રીના સંગનો ત્યાગ અને બ્રહ્મચર્યાદિકનું લક્ષણ કહ્યું છે. એ રીતે આચારાર્થ નવ અધ્યયને પૃથક્ પૃથક્ બતાવ્યો છે. પહેલી તથા બીજી ચૂલિકા-માંના સાત સાત અધ્યયનોમાં જે જે અધિકારો વર્ણવવામાં આવ્યા છે તેનું વિવેચન ટીકાકારે કરી બતાવેલ છે. ત્યાર પછી છેલ્લાં બે અધ્યયનો કહેલાં છે. કુલ અધ્યયન ૨૫ નો સાર નીચે પ્રમાણે છે.

## અધ્યયન ૧ લું. ( શસ્ત્ર પરિજ્ઞા )

૧ ત્રણે કાળ સંબંધી, મન વચન અને કાયાથી, કરવું કરાવવું અને અનુમોદવું–એવી રીતે કર્મબંધના હેતુરૂપ ક્રિયાના ૨૭ પ્રકાર થાય છે.

૨ જ્ઞપરિજ્ઞાથી તત્સંબંધી શુદ્ધ સમજ મેળવી લેવી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી સમજીને ઉક્ત ક્રિયાનો ત્યાગ કરવો.

૩ જેણે એ ક્રિયાના ભેદો ઉક્ત રીતે શુદ્ધ સમજેલા હોય તેજ કર્મોને સમજીને તેના કારણોથી દૂર રહેનાર મુનિ છે, એમ જાણવું.

૪ જે પૃથ્વીકાય વિગેરે જીવોની વિરાધના કરવી અહિતકારી છે એમ જાણીને તજે છે તેજ મુનિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ મહા પુરૂષોએ તે માર્ગ સેવેલો છે માટે નિઃશંકપણે તેનુંજ સેવન કરવું અને કોઇ જીવને પ્રભુની આજ્ઞા સમજી ભય નહિ આપતાં સંયમનું પાલન કરતાં રહેવું.

૬ જે વિષયો છે તે સંસાર છે અને સંસાર છે તે વિષયો છે, તેમાં જે મુનિ થઇને **અગુપ્ત** ( અનિગ્રહિત ) રહે છે તે **પ્રભુની આજ્ઞાથી** બહાર **વર્તે** છે અને વારંવાર વિષયાસક્ત બની અસંયમને આચરી ઘરવાસ માંડી રહે **છે.**

૭ આ વાતને સર્વ પાપથી અલગ રહેનાર તથા નિર્દોષ ચારિત્ર પાળવામાં યત્નવંત અને અપ્રમાદી એવા વીર પુરૂષોએ બરાબર સમજીને પરિષહાદિકને હઠાવી કેવળજ્ઞાન પામીને સાક્ષાત્ દેખેલી છે. અતઃ. આત્માર્થી જનોએ પ્રમાદ તજી નિર્મળ ભાવથી ચારિત્રનું સેવન કરવું યુકત છે.

## અધ્યયન બીજું. ( લોક વિજય )

૧ આયુ અત્યંત અલ્પ છે, દરમ્યાન જરા અવસ્થા આવતાં ઇંદ્રિયબળ ઘટતું જાય છે; વૃદ્ધ અવસ્થાને જોઇને પ્રાણી દિગ્મૂઢ બની જાય છે. એમ સમજીને અવસર પામી બુદ્ધિમાન પુરૂષ સંયમને માટે તરત ઉજમાળ થઇ જાય છે, એક ઘડી પણ પ્રમાદ કરતો નથી, કેમકે આયુષ અને યૌવન ધસારાબંધ ચાલ્યાં જાય છે, પણ અણસમજુ પ્રાણીઓ તો પ્રમાદવંત છતાં અસંયમવડે છ કાયનો કુટોજ કરતા રહે છે.

૨ જ્યાં સુધી ઇંદ્રિયની ( વિજ્ઞાન ) શક્તિ મંદ પડી નથી ત્યાંસુધી ચીવટ રાખીને આત્માર્થ સાધી લેવો.

૩ બુદ્ધિવંતે સંયમમાં થતી અરતિ દૂર કરવી, જેથી શીઘ્ર સ્વમોક્ષ થાય છે.

૪ અજ્ઞાની જીવ **પરીષહ** કે ઉપસર્ગ આવતાં પવિત્ર આજ્ઞા તજી સંયમથી ભ્રષ્ટ થઇ જાય છે.

૫ જે **સંયમને સદા પાળતા રહે છે તેજ ખરા ત્યાગી છે;** નિર્લોભી થઇને જે **વિષયને પૂંઠ દે છે** અને **અનુક્રમે સર્વ** કર્મનો **અંત કરે છે** તેજ **અણગાર** કહેવાય છે.

૬ **બાળ-અજ્ઞાની જીવોજ એમ બકે છે કે યમ નિયમ કશા કામના નથી.**

૭ તત્ત્વ સમજનારને કંઇ કહેવાની જરૂર નથી, કેમકે તે તો સીધે માર્ગે ચાલ્યો જાય છે. ( વીર પ્રભુએ મજબૂતીથી કહ્યું છે કે **મુનિએ સ્ત્રીનો બીલકુલ વિશ્વાસ કરવો નહીં.** ભોગો રોગોનું કારણ છે એમ તેઓએ સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. )

૮ શરીર જેમ બહારથી **અસાર** છે તેમ અંદરથી પણ અસાર છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ જેમ બાળકો લાળને ચૂશી લે છે તેમ બુદ્ધિવંતે છંડેલા ભોગને ફરી ઇચ્છવા નહિ. શબ્દાદિ વિષયો ઉપસ્થિત થતાં તેમાં ખુશી થવું નહીં. (કેમકે તે અનાદિ અજ્ઞાન--ચેષ્ટાજ છે.)

૧૦ મુનિએ સંયમ ધારીને શરીર અને કર્મને તોડવા માંડવાં. વીર-તત્ત્વ-દર્શી પુરૂષો હલકું અને લુખું ભોજન કરે છે-કરવું પસંદ કરે છે; અને સંસાર પ્રવાહને તરે છે-તરી પાર પામે છે.

૧૧ તીર્થંકરની આજ્ઞાને નહિ માનતાં સ્વેચ્છાથી વર્તનારા મુનિ મુક્તિ પામવાને અયોગ્ય થાય છે. (સ્વેચ્છાચારીનું કદાપિ કલ્યાણ સંભવિત નથી.)

૧૨ જંજાળથી છૂટું થવું એ ઉત્તમ રસ્તો છે. કુશળ પુરૂષો દુઃખનાં કારણ પોતે તજે છે અને બીજા પાસે તજાવે છે. (જે દુઃખનાં કારણ તજી દે છે તેજ કુશળ છે.)

૧૩ જે પરમાર્થદર્શી છે તે મોક્ષ માર્ગ વિના બીજે રમતો નથી અને જે બીજે રમતો નથી તેજ પરમાર્થદર્શી છે. તે નિરીહપણે સર્વને સમાન ગણી સદુપદેશ દે છે. પરમાર્થદર્શીને કંઈ પણ હાનિ નથી.

## અધ્યયન ત્રીજું. (શીતોષ્ણીય)

૧ ગૃહસ્થો સદા સૂતેલા છે અને મુનિઓ સદા જાગતા છે, જગતમાં અજ્ઞાન એજ અહિતકારી છે.

૨ અવસર મળેલો જાણીને પ્રમાદ ન કરવો. તુંજ તારો મિત્ર છે. મિત્રને બહાર શા માટે શોધે છે. તારા આત્માને વિષયોથી રોકી રાખી તું દુઃખોથી છુટીશ-છુટી શકીશ.

૩ પ્રમાદીને સર્વતરફથી ભય રહેલો છે, અપ્રમાદીને કોઇ તરફથી ભય નથી.

૪ જે એક મોહની કર્મને નમાવે છે તે સર્વને નમાવે છે.

૫ બુદ્ધિવંત પુરૂષ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને મોહને છંડી સર્વ દુઃખનો અંત કરી શકે છે. મોક્ષાર્થી મુનિઓએ કર્મબંધનાં કારણ તજીને કર્મને ખપાવવાં જોઇએ. સર્વજ્ઞ સર્વદર્શીને તો કશી ઉપાધિ છે જ નહિ.

## અધ્યયન ચોથું. (સમ્યકૃત્વ.)

૧ સંસારમાં આસકત રહી તેની અંદર ખુંચી રહેનારા જીવો ચિરકાળ સંસાર-પરિભ્રમણ કરે છે.

૨ જે કર્મબંધનના હેતુઓ છે તે કર્મ છોડવાના હેતુ પણ થઇ શકે છે અને જે કર્મ છોડવાના હેતુઓ છે તે કદાચ કર્મબંધનના પણ થઇ શકે છે. અથવા જેટલા કર્મ ખપાવવાના હેતુઓ છે એટલાજ કર્મબંધનના હેતુઓ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કર્મબંધનના હેતુઓ છે એટલાજ કર્મ ખપાવવાના પણ છે. એમ સંપૂર્ણ રીતે સમજીને પ્રભુની આજ્ઞા મુજબ ધર્મ આરાધવા કોણ ઉજમાળ ન થાય ?

૩ હે મુનિ ! તું તારા શરીરને તપથી ખુબ કૃશ તથા જીર્ણ કર. જેમ જુનાં લાકડાંને અગ્નિ જલદી બાળે છે તેમ સ્નેહ રહિત અને સાવધાન પુરૂષનાં કર્મ જલદી બળી જાય છે.

૪ જેઓ કષાયોને ઉપશમાવી શાન્ત બન્યા છે તેઓ પરમ સુખી છે, એમ સમજી કદાપિ ક્રોધાદિ કષાયને સેવવા નહિ. ક્રોધાદિકથી પ્રાણીઓ કેવા દુઃખી થાય છે તેનો તું વિચાર કર.

૫ મુનિએ સર્વ સંસારની જંજાળ છોડી, ઉપશમ ભાવથી અનુક્રમે વધતા જતા તપ વડે દેહનું દમન કરવું. મુક્તિ મેળવનાર મહાપુરૂષોનો માર્ગ બહુ વિકટ છે. ( સુખશીલ જનોને તે પામવો દુષ્કર છે. )

૬ માટે હે મુનિ ! તું તારાં માંસ અને લોહીને સુકવ, કારણ કે જે **બ્રહ્મચર્ય**માં રહીને તપથી સદા શરીરને દમે છે તેજ મહાપુરૂષ મુકિત મેળવનાર હોવાથી માનનીય થાય છે. સદ્દુદ્યમી–અપ્રમત્ત પુરૂષોને પ્રાંતે કશી ઉપાધિ રહેતી નથી.

## અધ્યયન પાંચમું. ( લોકસાર )

### "સમકિત મુનિભાવે—મુનિભાવજ સમકિત કહ્યું છે."

૧ મુનિએ કંઇ પણ કાર્ય ગુરૂ મહારાજની આજ્ઞા પૂર્વકજ કરવાનું નિરંતર ધ્યાન રાખવું. ( આજ્ઞામાંજ ધર્મ રહેલો છે એમ સમજી સ્વેચ્છાચારી ન થવું.)

૨ જો મુનિને વિષયપીડા થાય તો હલકો આહાર કરવો, ઉણોદરી કરવી, સ્થિર કાઉસગ્ગ ધ્યાને રહેવું, ગ્રામાંતર જવું, છેવટે આહાર પાણીનો ત્યાગ કરી દેવો, પણ સ્રીસંસર્ગમાં કદાપિ ફસવું નહિં.

૩ સર્વને સ્વ સમાન લેખીને મુનિએ સંયમાનુષ્ઠાનમાં સાવધાન થઇ રહેવું. જેવું આપણને દુઃખ થાય છે તેમ સર્વ કોઇને થાય છે એમ સમજી કોઇને કંઇ પણ દુઃખ થાય એમ કરવું નહિં, સર્વ કોઇને સુખજ પ્રિય છે એમ વિચારવું. તાત્પર્ય કે પરને દુઃખ ઉપજાવતાં પ્રથમ પોતાનોજ વિચાર કરવો એટલે કે આપણને કોઇ દુઃખ ઉપજાવે તો તે કેવું લાગે ? એમ દરેક બાબત પ્રથમ પોતાની ઉપરજ અજમાવી જોવી. " आत्मनः प्रातिकूलानि परेषां न समाचरेत् "

## અધ્યયન છઠું. ( ધૂત )

૧ જંતુઓનાં દુઃખની પરિસીમા નથી. જીવો નિઃસાર દેહને માટે પાપ કરીને દુઃખી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ વિવેકહીન જીવો રોગ ચિકિત્સામાં લાખો જીવોનો નાશ કરે છે પણ તેથી કંઈ રોગ તો મટતો નથી, મુનિએ એવી ચિકિત્સા કરવી નહિં. કેમકે હિંસા મહા ભયંકર છે.

૩ કર્મોને આત્માથી દૂર કરવા માટે સંયમમાં ઉત્સાહવાન્ રહીને પરિમિત આહાર લઈ પેટને અપૂર્ણ રાખતા રહેવું, અને સર્વ પરીષહ ઉપસર્ગને સમતા ભાવથી સહન કરતા રહેવા.

૪ મુનિએ અલ્પ ઉપગરણ રાખવાં અને શરીરને જેમ બને તેમ કસતાં રહેવું, અને એમ કરતાં પૂર્વ મહાપુરૂષોનાં પવિત્ર ચરિત્ર તરફ જોતાં રહેવું.

૫ ઉત્તરોત્તર પ્રશસ્ત ભાવમાં ચડનાર મુનિ દ્વિપ (બેટ) તુલ્ય છે અને શુદ્ધ ધર્મ પણ તેવોજ શરણ્ય છે.

૬ મુનિએ સુખલંપટ ન થવું, વિષય કષાયને વશ થઈ દુર્ધ્યાની થયેલા સત્વહીન સાધુઓ અંતે સંયમથી ભ્રષ્ટજ થાય છે, જેથી તેમની ભારે અપકીર્ત્તિ ફેલાય છે.

૭ મુનિએ સંકટોથી નહિં ડરવું, કોઇ પ્રશંસા કે સત્કાર કરે તેથી ખુશી પણ ન થવું, મુનિએ સંયમથી ડગવું નહિં.

**અધ્યયન ૭ મું.** * * * * * (વ્યુચ્છિન્ન)

## અધ્યયન ૮ મું. (કુશીલ ત્યાગ)

૧ વિપરીતવાદીને[1] સમર્થ મુનિએ કહેવું કે તમારૂં બોલવું-કહેવું હેતુ વિનાનું છે, પણ અસમર્થ મુનિએ તો મૌનજ રહેવું.

૨ વિવેક હોય તો ગામ અટવી કે ગમે ત્યાં રહેતાં ધર્મ થાય છે, અને વિવેકના અભાવે તો તેનો પણ [2]અભાવ થાય છે.

૩ પરાક્રમી પુરૂષો પરીષહો પડતાં પણ દયા ધર્મ તજતા નથી.

૪ વસ્ત્રાદિ ઉપકરણોમાં પણ જેમ બને તેમ લાઘવ-ઓછાશ કરવી, તેથી ચિંતા ઓછી થશે.

૫ શીતાદિક સંબંધી અસહ્ય પરીષહો ન સહન થાય તો સ્વમર્યાદા નહિં તજતાં વિહાયસાદિ (આકાશમાં ઉઘાડા બેસવું તે) વડે સંયમ આરાધન કરવું.

૬ માંદગીમાં પણ ગૃહસ્થાદિ પાસે વૈયાવૃત્ય નહિ કરાવવાના નિયમવાળા સાધુએ (જરૂર પડે તો) સાધર્મી સાધુ પાસે વિવેકથી વૈયાવૃત્ય કરાવવી અને વખતે પોતે પણ કરવી.

૭ જે શુભ પ્રતિજ્ઞા જેવી લીધી હોય તે તેવી રીતેજ પાળવા પ્રયત્નશીલ થવું.

૮ આહારપાણી કરતાં સાધુસાધ્વીએ સ્વાદને માટે તે આહારાદિક

૧ અસંબંધ ભાષી, અસત્ય-ઉત્સૂત્ર ભાષક. ૨ ધર્મ માત્રનો લોપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં તહિં મોઢામાં ફેરવવાં નહિં. એમ વર્તવાથી બહુ સારો ફાયદો થશે. સમપણે પ્રભુઆજ્ઞાને પાળ્યા કરવી.

૯ સત્યવાદી, પરાક્રમી, સંસાર પારગામી, નિર્ભય, તત્ત્વજ્ઞ, નિર્લેપ અને સુશ્રદ્ધાવંત સાધુપુરૂષો ભયંકર પરીષહાદિકને અવગણીને આ નશ્વર ( નાશવંત ) દેહને છાંડતા છતા ( અનશન કરીને ) ખરેખરૂં સત્ય અને દુષ્કર કામ કરે છે.

૧૦ જેને માલમ પડે કે હવે શરીરને ક્રિયામાં જોડતાં અશકત જણાય છે, તેણે અનુક્રમે આહાર ઘટાડી કષાયને પાતળા પાડવા અને એમ કરતાં શરીર-વ્યાપારને નિયમિત કરવા. ( સંક્ષેપવા. )

૧૧ સર્વ વિષયમાં **અમૂચ્છિત** થઇને ધૈર્ય યુકતપણે અંગીકૃત અનશન પાળવું.

## અધ્યયન ૯ મું. ( શ્રીવીર પ્રભુનો વિહાર. )

૧ ભગવાને દેવદુષ્ય વસ્ત્ર ફક્ત પૂર્વ તીર્થંકરોનો કલ્પ જાણીને અંગીકાર કર્યું હતું.

૨ ભગવાન ગૃહસ્થો સાથે હળવું મળવું છોડીને ધ્યાનમાં નિમગ્ન રહેતા હતા.

૩ ભગવાન સર્વ અનુકૂલ કે પ્રતિકૂલ ઉપસર્ગ પરીષહોને સમભાવે સહન કરતા.

૪ ભગવાન નિયમિત અશન પાન વાપરતા, રસાસક્ત ન થતા, રસની ઇચ્છા પણ ન કરતા અને ખરજ મટાડવા શરીરને ખણતા પણ નહિ, સર્વત્ર ઉદાસીન ભાવેજ ભગવાન રહેતા.

૫ વિહાર કરતાં આડું અવળું જોતા નહિ, માર્ગમાં ચાલતાં બોલતા નહિ, એમ યતના પાળતા થકા પ્રભુ વિચરતા હતા, ભગવાન્ પ્રતિબંધ રહિત વિહાર કરતા હતા.

૬ પ્રતિબંધ રહિત વિચરતા પ્રભુ એકાંત નિર્ભય અને નિર્દોષ સ્થાનમાં રહી નિર્મળ ધ્યાનને ધ્યાતા હતા.

૭ દીક્ષા લઇને નિદ્રા કરતા નહિ પણ પોતાને જાગૃત રાખતા, કયાંક લગારેક સૂતા તોપણ ત્યાં નિદ્રા કરવાની ઇચ્છા નહિ કરતા.

૮ તેઓ નિદ્રાને કર્મબંધનના હેતુભૂત જાણીને જાગતા રહેતા. કદાચ નિદ્રા આવવા લાગતી તો તેઓ તેને યત્નથી દૂર કરતા હતા.

૯ વળી ભગવાન હર્ષ શોક ટાળીને બહુ થોડું બોલતા થકા મૌનપણે વિચરતા હતા. મતલબ કે ભગવાન પોતાના શુદ્ધ સ્વભાવમાંજ રમણ કરતા ફરતા હતા.

૧૦ જેમ બળવાન હસ્તી સંગ્રામના મોખરે પહોંચી જય મેળવી પરાક્રમ બતાવે છે તેમ પોતાનું પરાક્રમ ફોરવી પ્રભુજી વિકટ ઉપસર્ગોના પારગામી થયા.

૧૧ જેમ ખરો શૂરવીર પુરૂષ સંગ્રામને મોખરે રહ્યો છતો કોઇથી પાછો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હઠતો નથી તેમ પ્રભુ ઉપસર્ગથી પાછા નહિ હઠતાં બાધાને સહન કરતા થકા વિચરતા હતા.

૧૨ ભગવાન શીયાળામાં છાંયડામાં બેસી ધ્યાન કરતા અને ઉનાળામાં તડકે બેસી તાપ સહન કરતા. ( આતાપના લેતા હતા. )

૧૩ પ્રભુ ઉત્કુટક, ગોદોહીકા અને વીરાસન વિગેરેથી નિર્વિકારપણે ધર્મ ધ્યાન કરતા રહેતા.

૧૪ પોતેજ સંસારની અસારતા જાણીને આત્માની પવિત્રતાથી મન વ-ચન અને કાયાને કબજે રાખી શાન્ત અને નિષ્કપટી પ્રભુ જીવિત પર્યંત પવિત્ર પ્રવૃત્તિવંત રહ્યા તેમ બીજા મુનિઓએ પણ પ્રવર્તવું, પ્રબલ પરાક્રમ દાખવી કદાપિ પણ પ્રમાદી બનવું નહિ.

## ઇતિ પ્રથમ બ્રહ્મચર્ય શ્રુતસ્કંધ સમાપ્ત.

દ્વિતીય શ્રુતસ્કંધમાંહેના શ્લોક ૧૧૬-૧૧૭ માં બતાવેલા (૧૬) અધ્ય-યનોનો સાર આ પ્રમાણે:-

## અધ્યયન ૧૦ મું. પિંડૈષણા.

૧ ગૃહસ્થના ઘરે ભિક્ષા લેવા જતાં જે આહાર શંકિત લાગે તેમ લીન આશયથી ગ્રહણ ન કરવો, નિર્દોષ આહાર પાણીથીજ નિર્વાહ કરવો.

## અધ્યયન ૧૧ મું. શય્યા.

૧ મુનિને ગમે તેવી સારી નરસી વસતિ[1] મળી હોય તે સરખી રીતે ગ્રહણ કરીને સમભાવે વર્તવું. કંઇ પણ નરમ કે ગરમ થવું નહિ

## અધ્યયન ૧૨ મું. ઇર્યા.

૧ મુનિએ ગ્રામાનુંગ્રામ વિચરતાં માર્ગમાં મોટી નદી આવે કે જે નાવ-વડેજ ઉતરી શકાતી હોય ત્યારે જે નાવ ગૃહસ્થ પોતાને માટે તે પાણીની આર-પાર લઇ જવાના હોય તેમાંજ પ્રથમ તપાસ કરીને બેસવું. પણ બેઠાં પહેલાં સાગારી અણસણ કરવું અને તેમ કર્યાબાદ વહાણ ઉપર યતનાથી ચઢવું. તેમાં પણ નાવના મોખરે ન બેસવું તથા વચ્ચોવચ્ચ પણ નહિ બેસવું, તેમજ સહુથી અગાઉ પણ ચઢી નહિ બેસવું. મર્યાદા પૂર્વક બેસીને ધર્મ ધ્યાન કર્યા કરવું. સર્વ પ્રકારના સંકલ્પ વિકલ્પ તજીને શાંતપણે એકાંતમાં સમાધિસ્થર હેવું.

૨ માર્ગમાં વિચરતાં કવચિત્ લૂટારા આવીને વસ્ત્રાદિક ધર્મોપકરણ આપી દેવાનું કહે તો તે હાથોહાથ આપવાં નહિ, કિંતુ પોતાના કબજામાંથી તે ભૂમિ

૧ રહેવાનું સ્થાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર સ્થાપી દેવાં. એમ કરીને તે પાછાં દીનતાથી માગવાં નહિ, પણ યોગ્ય લાગે તો ધર્મોપદેશ દઇને પાછાં માગવાં અને તે પાછાં આપે તો લઇ પણ લેવાં. અને જો તે પાછાં ન આપે તો તે વાત કોઇની પાસે જાહેર પણ કરવી નહિ.

## અધ્યયન ૧૩ મું. ભાષાજાત.

સાધુ કે સાધ્વીએ ક્રોધાદિ તજીને, વિચાર પૂર્વક, નિશ્ચય પૂર્વક, સાંભળ્યા પૂર્વક, ઉતાવળા ન થતાં, વિવેકથી, શાંતપણે, લક્ષ રાખીને, નિર્દોષ ભાષા[1] બોલવી.

## અધ્યયન ૧૪-૧૫ મું. વસ્ત્રૈષણા-પાત્રૈષણા.

સુંવાળાં અને શોભીતાં એવાં બહુ મૂલ્યવાળાં કપડાં મુનિએ લેવાં નહિ. મુનિએ તુંબીનાં, લાકડાનાં કે માટીનાં પાત્ર નિર્દોષ જોઈ તપાસીને લેવાં.

## અધ્યયન ૧૬ મું. અવગ્રહ-પ્રતિમા.

નિર્દોષ સ્થાન વિધિવત્ માગ્યા પછી સ્થાનના માલીકને કહેવું કે 'હે આયુષ્મન્! તમારી પરવાનગી છે ત્યાંસુધી જેટલા અમારા સમાનધર્મી સાધુઓ આવશે તેમની સાથે અમે અહિં રહેશું, ત્યારબાદ અમે ચાલ્યા જશું.' પછી આવતા [2]સાંભોગિક સાધુઓને યથોચિત અન્નપાનાદિકથી અને બીજા અસાંભોગિક સાધુઓને બાજોઠ પાટ વિગેરેથી નિમંત્રિત કરવા ચૂકવું નહિ.

સૂઇ દોરો નેરણી વિગેરે લાવીને કામ કર્યા બાદ ગૃહસ્થને ત્યાં જઇ તેને તે ( હાથમાં રાખીને કે ભૂમિપર સ્થાપીને ) પાછાં સોંપવાં, પણ હાથોહાથ દેવા નહિ. ( પોતાના હાથે ગૃહસ્થના હાથમાં મૂકવાં નહિ. )

કોઇ રીતે સંયમમાં બાધક ન આવે એવી વસતિમાંજ મુનિએ વિચારીને રહેવું.

## અધ્યયન ૧૭ મું. સ્થાન.

### મુનિઓએ ઉભા રહેવા માટેની જગ્યા કેવી પસંદ કરવી ?

ગામ નગર કે સંનિવેશમાં જતાં જે સ્થાન જીવાકુળ માલમ પડે તે અયોગ્ય ગણીને પસંદ કરવું નહિં. પણ નિરવદ્ય-નિર્દોષ સ્થળજ પસંદ કરી લેવું અને તેમાં ઉચિત પ્રતિજ્ઞા ધારીને વર્તવું.

## અધ્યયન ૧૮ મું. નિષીથિકા.

### 'અભ્યાસ કરવા માટે કેવી જગ્યા પસંદ કરવી ?'

સાધુ કે સાધ્વીએ સ્વાધ્યાય કરવા માટે પોતાને રહેવાનું સ્થાન તજી બીજે સ્થાને જતાં જો તે સ્થાન જીવાકુળ જણાય તો અયોગ્ય જાણીને લેવું નહિં અને જો તે સ્થાન નિર્દોષ હોય-જીવાકુળ ન હોય તો તે લેવું. તેમજ તેવા

૧ મુખે મુહપત્તિ રાખીને યતનાથી પૂર્વાપર અવિરૂદ્ધ પ્રમાણભૂત બોલવું.

૨ જે એક સાથે મંડળીમાં બેસી આહાર પાણી કરી શકે તેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનમાં રહી પ્રમાદ રહિત સ્વાધ્યાય કરવો, પણ કોઇએ કંઇ પણ કુચેષ્ટા કરવી નહિં. એ સાધુ સાધ્વીઓનો પવિત્ર આચાર છે.

### અધ્યયન ૧૯ મું. ઉચ્ચાર પ્રશ્રવણ.

### સ્થંડિલ ( લઘુનીતિ કે વડીનીતિ ) માટે કેવી ભૂમિ પસંદ કરવી ?

જે જગ્યા જીવજંતુવાળી હોય ત્યાં લઘુનીતિ અને વડીનીતિ કરવી નહિં પણ જીવજંતુ વગરની જગ્યા જોઇનેજ લઘુનીતિ અને વડીનીતિ કરવી. એવી જગ્યાની સગવડન હોય તો પોતાનાં માત્રકમાં કરી તેને નિર્દોષ સ્થળે પરઠવી દેવી, પણ નિષેધ કરેલી અને જીવાકુળ જગ્યામાં લઘુનીતિ અને વડીનીતિ કરવી નહિ.

### અધ્યયન ૨૦ મું. શબ્દ.

### સાધુએ શબ્દમાં મોહિત ન થવું.

સાધુ કે સાધ્વીએ મૃદંગાદિક વાજિત્રના તેમજ એવા બીજા કોઇ જાતના થતા શબ્દો સાંભળવા જવું નહિં, યાવત્ તેમાં આસક્ત રક્ત, ગૃદ્ધ, મોહિત, યા તન્મય થઇ જવું નહિં. એજ મુનિનો પરિપૂર્ણ આચાર છે કે સાધુ સાધ્વીએ **સદા સર્વદા સંયમ માર્ગમાં** સાવધાનપણે વર્તતા રહેવું.

### અધ્યયન ૨૧ મું. રૂપ.

### રૂપ જોઇ મોહિત નહિ થવું.

સાધુ સાધ્વીએ ઉપર જણાવ્યા મુજબ અનેક જાતનાં કારીગરીના કામો ખાસ ઇરાદાપૂર્વક જોવાની બુદ્ધિથી જોવા જવું નહિ.

### અધ્યયન ૨૨–૨૩ મું.

### પરક્રિયા–અન્યોન્ય ક્રિયા.

મુનિના શરીરે કોઇ ગૃહસ્થ કર્મબંધ જનક ક્રિયા કરે તો તે મુનિએ મનથી ઇચ્છવી નહિં, તેમજ વચનથી કે કાયાથી કરાવવી પણ નહિં. આજ પ્રમાણે મુનિઓએ અન્યોન્ય ક્રિયાઓ માટે પણ સમજી લેવું.

### અધ્યયન ૨૪ મું.

### ભાવના.

શરૂઆતમાં આદર્શભૂત શ્રીમહાવીર પ્રભુનું અખિલ ચરિત્ર મનન કરી વિચારી જવું. પછી દરેક મહાવ્રતને તેની રક્ષા અને પુષ્ટિ કરનારી ભાવના સાથે અવધારવાં.

૧. હે ભગવંત ! હું સર્વથા પ્રાણાતિપાત–જીવહિંસાનો ત્યાગ કરૂં છું. કોઇ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવને હું મન વચન કાયા વડે હણીશ, હણાવીશ કે હણતાં પ્રત્યે અનુમોદીશ નહિં. વળી ત્રિકાળ વિષય જીવહિંસાને હું પડિક્કમું છું. નિંદુ છું, ગરહું છું અને તેવા દુષ્ટ સ્વભાવને વોસિરાવું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રથમ મહાવ્રતની ભાવના**—૧ ઇર્યા સમિતિ સાચવી રાખવી એટલે ગમનાગમન ક્રિયા પ્રસંગે જયણા સહિત ચાલવું. ૨. મનગુપ્તિ સાચવવી એટલે મનમાં માઠા વિચાર આવવા ન દેવા. ૩ વચનગુપ્તિ પાળવી એટલે જીવોપઘાતક-પાપવાળું વચન નહિં ઉચ્ચરવું પણું જરૂર પડે ત્યારે નિષ્પાપ વચનજ ઉચ્ચારવું. ૪ ભંડોપકરણ લેતાં મૂકતાં જયણા સહિત પ્રવર્તવું અને ૫ આહાર પાણી જોઈ-તપાસી જયણા સહિત વાપરવાં, જોયા વગર વાપરવા નહિ.

૨. હું સર્વથા મૃષાવાદનો ત્યાગ કરૂં છું. ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી ત્રિવિધ ત્રિવિધ એટલે મૃષા ભાષણ કરૂં, કરાવું કે અનુમોદું નહિં. વળી તે મૃષાવાદને પડિક્કમું છું, નિંદું છું, ગરહું છું, અને તેવા દુષ્ટ સ્વભાવને વોસિરાવું છું.

**ભાવના**—૧ વિમાસી (વિચારી) ને બોલવું. સહસા બોલી નાખવું નહિં. ૨-૫ ક્રોધ, લોભ, ભય અને હાસ્યનું સ્વરૂપ સમજી તે દોષ દૂર કરવા, કેમકે તેથી સહસા જૂઠ બોલી જવાય છે.

૩ હું સર્વથા અદત્તાદાન વર્જું છું. અર્થાત્ ગામ નગર કે અરણ્યમાં થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત્ત, અચિત્ત કે મિશ્ર કંઇ પણ અણદીધેલું હું ઉપર જણાવ્યા મુજબ મન વચન કાયાથી જીવિત પર્યંત લઈશ, લેવરાવીશ કે લેતાને અનુમોદીશ નહિં.

**ભાવના**—૧ રહેવા માટે વિચારીને પરિમિત અવગ્રહ માગવો. ૨ ગુર્વાદિક વડીલની રજા લઈને આહાર પાણી વાપરવા. ૩ કાળમાનની અવધિ બાંધી અવગ્રહ માગવો. ૪ અવગ્રહ માગતાં વારંવાર હદ બાંધવા લક્ષ રાખવું. અને ૫ પોતાના સાધર્મિક (સાધુ) પાસે પણ પરિમિત અવગ્રહ માગવો. ઉક્ત ભાવનાઓથી એ મહાવ્રત રૂડી રીતે આરાધિત થાય છે.

૪. હું મૈથુન સર્વથા તજું છું, એટલે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષયક્રીડા મન વચન અને કાયાએ કરૂં, કરાવું કે અનુમોદું નહિં.

**ભાવના**—૧. વારંવાર સ્ત્રી કથા કર્યા કરવી નહિ. ૨ સ્ત્રીનાં અંગોપાંગ નિરખીને જોવાં નહિ. ૩ પૂર્વે કરેલી કામક્રિડા યાદ કરવી નહિં. ૪ સ્નિગ્ધ-રસકસવાળું પ્રમાણ રહિત ભોજન કરવું નહિં. અને ૫ નિર્દોષ સ્થાન આસન સ્ત્રી પશુ પંડક રહિત હોય તેવા સેવવાં. અન્યથા વિક્રિયા થવાથી ધર્મભ્રષ્ટ થઇ જવાય છે.

૫. હું સર્વથા પરિગ્રહને તજું છું. બીજા મહાવ્રતની પેરે યાવત્ તેવા દુષ્ટ સ્વભાવને વોસિરાવું છું.

**ભાવના**—૧-૫ ભલા કે ભૂંડા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પામી તેમાં આસક્ત, રક્ત, મૂઢ, મોહિત, તલ્લીન કે વિવેકવિકળ થઇ જવું નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષ કરવો નહિ. એવી રીતે સાવધાનપણે સાધુયોગ્ય આચારમાં પ્રવર્તતાં ઉક્ત મહાવ્રત યથાવિધ આરાધિત થાય છે.

## અધ્યયન ૨૫ મું. વિમુક્તિ.

૧ હે વિજ્ઞમુનિજનો ! સંસારચક્રમાં કર્મવશવર્તી જીવો પરાધીનપણે જ્યાં ત્યાં ( જુદી જુદી જાતિ–ગતિમાં ) ભટકયા કરે છે. એ સિદ્ધાંત દીલમાં ધારી સર્વ પ્રકારનો પરિગ્રહારંભ તજી દ્યો.

૨ નિગ્રંથ મુનિજનો સંયમમાર્ગમાં સાવધાનપણે વિચરતા હોય છે. તેમને અજ્ઞાની જીવો સખ્ત વચનના પ્રહાર કરે-કટુક વચનો બોલે, ત્યારે રણસંગ્રામના મોખરે રહેલ હાથીની પેઠે તેઓ તે સઘળું શુદ્ધ સરળ આશયથી અદીનપણે સહન કરે છે, અને જેમ પર્વત પવનથી કંપાયમાન થાય નહીં તેમ ગમે તેવા પરિસહ ઉપસર્ગથી પોતે ડગતા નથી.

૩ જ્ઞાની ગુરૂ પાસે સમભાવે રહીને ક્ષમાનિધિ સંયમ યોગમાં સાવધાન થઇને વર્તે છે અને શાસ્ત્રનીતિને અનુસરી નિર્મળ ધ્યાન ધારી સમાધિ યોગને સાધે છે. તેમનું તપોતેજ અગ્નિશિખાની પેરે પ્રકાશને પામે છે. વળી જે રાગદ્વેષાદિકના કારણો વિદ્યમાન છતાં તેમાં લેપાતા નથી-નિર્લેપ-નિર્વિકાર રહી શકે છે તે ધૈર્યયુક્ત મહામુનિઓનો કર્મમળ અગ્નિયોગે રૂપાના મળની જેમ જલદી બળી જાય છે.

૪ જે મહાનુભાવ મુનિઓ સંયમ આચારમાં સુદ્રઢ રહી, નિઃસ્પૃહપણે વર્તી, સર્વ વિષયવિકારોને દૂર કરે છે, તેઓ જેમ ભુજંગ ( સર્પ ) પોતાની જીર્ણ કાંચળીને ક્ષણવારમાં દૂર કરી નાખે છે તેમ દુઃખમાત્રને દૂર કરી શકે છે.

૫ જે મુનિજનો બંધ અને મોક્ષને યથાર્થ જાણે છે, યાવત્ જે જે કારણોવડે જીવ સંસારમાં બંધાય છે અને જે જે કારણોવડે-મુક્ત થાય છે તે યથાર્થ જાણે છે અને જાણીને બંધના કારણથી અળગા રહી મોક્ષના કારણોનેજ સાવધાનપણે સેવે છે, એવા નિઃસ્પૃહી અને અપ્રતિબદ્ધ મહામુનિઓને વધારે વખત સંસારમાં ભટકવું પડતુંજ નથી. તેમનો જલદી મોક્ષ થાય છે. ઇતિશમ્

( સન્મિત્ર કર્પૂરવિજયજી. )

## સિદ્ધાચળની વર્ષગાંઠ.

સંવત ૧૫૮૭ ના વૈશાખ વદિ ૬ ઠે કરમાશાએ છેલ્લો ઉદ્ધાર કરાવેલો હોવાથી તે તિથિએ દર વર્ષ વર્ષગાંઠ કરવામાં આવે છે. ચાલુ વર્ષમાં વદિ ૬નો ક્ષય છે, તેથી વર્ષગાંઠ વદિ ૫ સોમવારે કરવી. બહારગામથી યાત્રા કરવા આવનારે પણ સોમવાર ધારીનેજ આવવું. આ બાબત ભૂલ ન થવા માટે પ્રથમથી ચેતવણી આપવાની જરૂર ધારી છે. તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दुःखितेषु कुरु दयां.

## બારમું સૌજન્ય.

### ( ૧ )

**દુઃખિતેષુ કુરૂ દયાં**—દુઃખી પર દયા કરવી, દુઃખીની દયા કરવી, દુઃખી સંબંધમાં દયા કરવી એ સૌજન્યનો બારમો અને છેલ્લો વિષય છે. અહીં **દયા** ના વિષય આપણે બહુ યથાર્થ રીતે વિચારવાનો અવસર પ્રાપ્ત થાય છે. દયા અને અહિંસા એ લગભગ પર્યાય વાચક શબ્દો છે. **દયા** જ્યારે સીધી રીતે વિષયને પ્રતિપાદન કરે છે, ત્યારે **અહિંસા** નિષેધ રૂપે એ વિષયને પ્રતિપાદન કરે છે. અહિંસા અથવા જીવવધ ત્યાગનો વિષય વિચારી પછી આપણે મૈત્રી આદિ ચાર ભાવનાને અંગે દુઃખીપર દયાનો વિષય ખાસ વિચારીશું.

પ્રથમ ઐતિહાસિક અને શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીએ તો અહિંસાનો જે ઉપદેશ જૈન શાસ્ત્રકારોએ બતાવ્યો છે તેટલા વિસ્તારમાં એ વિષયને કોઇ પણ અન્ય દર્શનકારોએ કે મતાનુયાયીઓએ બતાવ્યો નથી એમ શાસ્ત્રના તથા વ્યવહારનાં અનેક દૃષ્ટાન્તોથી સ્પષ્ટ રીતે બતાવી શકાય તેમ છે. પાશ્ચાત્ય ઇતિહાસના લેખકો જેઓ ઐતિહાસિક નજરથી ધર્મ સંબંધમાં વિચાર કરે છે અને જેઓ ઇતિહાસના પહેલાના સમય માટે કાંઇ કહેવાનો આશય રાખતા નથી તેઓના મત પ્રમાણે જ્યારે આર્યાવર્તમાં યજ્ઞ યાગાદિ નિમિત્તે અનેક પ્રકારે હિંસા વધતી ગઇ અને લોકો તેના પરિણામે તદ્દન માંસાહારી થઇ ગયા ત્યારે જૈન અને બૌધ ધર્મે તેની સામે સખ્ત વાંધો જાહેર કર્યો અને હિંસાને દૂર કરવા ભગીરથ પ્રયાસ કર્યો. તેઓના અભિપ્રાય પ્રમાણે બ્રાહ્મણોનું જોર નરમ પાડવા માટે અને હિંસાને નબુદ કરવા માટે આ બન્ને દર્શનોની ઉત્પત્તિ થઇ છે. ઇતિહાસના સંબંધમાં હિંદુસ્તાનમાં સાધનો એટલાં બધાં ઓછાં છે કે ગમે તેવાં અનુમાન કરવામાં આવે તેના સંબંધમાં સંપૂર્ણ શોધખોળ ન થાય ત્યાં સુધી એક નિર્ણય ટકી શકતો નથી. દાખલા તરીકે કેટલાક વરસો સુધી જૈન દર્શનને બૌધ દર્શનની શાખા માનવામાં આવતી હતી, અને પ્રો. જેકોબીએ જ્યારે પુરાવા સહિત તે હકીકત ઐતિહાસિક દૃષ્ટિએ ખોટી પાડી ત્યારેજ એ સંબંધમાં ચાલતી ગેરસમજુતી દૂર થઇ અને વિદ્વાનોએ સ્વીકાર્યું કે જૈન મત બૌધમતથી તદ્દન સ્વતંત્ર છે અને તેનાથી જુનો છે. આથી આપણે વેદને અનુસરનારા ધર્મોની પ્રાચીનતા સંબંધી વિદ્વાનોની માનીનતા સ્વીકાર્યા વગર પણ તેઓના હિંસાના વિષયને અંગે કરાયલા અનુમાનને સ્વીકારી શકીએ અને તે નિર્ણય એ છે કે જૈન ધર્મ અને બૌધધર્મ અહિંસાનો વિષય પ્રતિપાદન કરનારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને તે વિષયને બને તેટલી રીતે ચર્ચીને વ્યવહારૂ આકારમાં મૂકવા તેમણે પ્રયત્ન કર્યો છે.

બૌધ અને જૈન દર્શનની સરખામણીમાં પણ અહિંસાને અંગે જૈનધર્મને વિશેષ માન ઘટે છે, કારણકે જૈનધર્મમાં બતાવેલી દયા જળચર, સ્થળચર અને ખેચરોને લાગે છે તે ઉપરાંત બે ત્રણ ચાર ઇંદ્રિયવાળા જીવો સુધી અને છેવટે વનસ્પતિ અને પાણીના જીવો સુધી પણ લંબાય છે. अहिंसा परमो धर्मः એ જૈન દર્શનનો મુદ્રાલેખ છે અને એ વિષયને વિચારવામાં અને તેના સંબંધમાં જ્ઞાન ફેલાવવામાં અનેક ગ્રંથો જૈન વિદ્વાનોએ લખ્યા છે, એ ઉપરાંત આપણે અનેક સ્થળોએ ચાલતી પાંજરાપોળો જોઈએ છીએ ત્યારે લુલા, લંગડા, તજી દેવાયલા જનાવરો અને પક્ષી માટે તેમજ નાની જીવાતો માટે જૈનોએ કેટલું કર્યું છે તે ખાસ ધ્યાન ખેંચનારૂં થઈ પડે છે. જનાવરો માટે પાંજરાપોળ કરનાર જૈન કોમ મનુષ્ય માટે દયા ન ચિંતવે કે નિરાધારોને આશ્રય ન આપે એમ કેટલીકવાર કહેવામાં આવે છે તે દયાના જૈનવિચારને સમજનારાને જરા વિચિત્ર લાગે છે. જે ધર્મ વનસ્પતિ સુધી અહિંસાના વિષયને લંબાવે તે મનુષ્ય માટે બેદરકાર રહે એમ ધારવું પણ કલ્પનામાં ઉતરે તેવું નથી. **અહિંસાના** વિષયના સંબંધમાં એટલે સુધી કહેવામાં આવે છે કે પ્રથમ વ્રત જેમાં હિંસાનો ત્યાગ કરવાનો છે તે મૂળ છે અને બાકીનાં સર્વ વ્રતો તેની વાડરૂપે છે, એટલે તમે ગમે તે વ્રત લ્યો તે અહિંસાના મૂળ વિષયને પુષ્ટિ આપનાર હોવું જોઈએ. દાખલા તરીકે અસત્ય ન બોલવું તે એટલા માટે કે અસત્ય બોલવાથી સામા પ્રાણીને દુઃખ થાય, લાગણી દુઃખાય; ચોરી કરવાને અંગે સામા પ્રાણીનું ધન જવાથી તેને ખેદ થાય એટલા માટે અસત્ય બોલવું નહિ, ચોરી કરવી નહિ. આવી રીતે સર્વ બાબતોનો આધાર અહિંસાના મુખ્ય સિદ્ધાન્ત ઉપર છે એમ જોતાં આ અહિંસાનો વિષય જૈનધર્મને અંગે ખાસ અગત્ય ધરાવનારો ગણાય. આવો જૈનદર્શનના મૂળ પાયારૂપ દયાનો વિષય આપણે જેમ બને તેમ સર્વ રીતે વિચાર કરવા યોગ્ય છે. આ સૌજન્યતાના બાર વિષયો પૈકી અગીયાર વિષયો વિચાર્યા તે પણ આ વિષયના પેટામાં આવી જાય છે અને આ વિષયને જરાપણ અલવલ ન આવે તેવી રીતે તે અમલમાં મૂકવાના છે એમ જ્યારે આ વિષય વાંચ્યા પછી જોઇ શકાશે ત્યારે બરાબર જણાશે કે આ દયાનો વિષય આપણે બહુ સારી રીતે ચર્ચીને સમજવાની જરૂર છે. એ વિષયને જેમ ચર્ચવામાં આવશે તેમ વધારે લાભ થશે એમ જણાય છે, તેથી આ વિષય બહુધ્યાન પૂર્વક વાંચવા વિજ્ઞપ્તિ છે.

દયાના સંબંધમાં એટલી બધી ગેરસમજુતી ચાલે છે કે તેનો સ્પષ્ટ ખ્યાલ ઘણાખરા પ્રાણીઓને હોતો નથી. જેમ સત્ય બોલવું એમ કહેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યનો સમાવેશ થઇ જતો નથી અથવા તેનો ભાવ સ્પષ્ટ સમજાતો નથી, પરંતુ કેવા સંયોગોમાં, કોની પાસે, કેવા આશયથી અને કેવા શબ્દોમાં સત્ય કહેવું તે સ્પષ્ટ કરવાની જરૂર રહે છે તેમજ દયા કેટલા પ્રકારની અને કોની, કયારે, શા માટે અને કેવા સંયોગોમાં કરવી ? તે સ્પષ્ટ કરવાની જરૂર છે. આપણે તેટલા માટે દયાના પ્રકારોનો વિચાર કરીએ.

વ્યવહાર ધર્મનું સ્વરૂપ બતાવતાં સમજણ પૂર્વક આઠ પ્રકારની દયા મુખ્યત્વે કરીને બતાવવામાં આવી છે, તેના સંબંધમાં બહુ વિચાર કરવાની જરૂર છે. એ આઠ પ્રકારની દયાનું સ્વરૂપ આપણે અહીં વિચારી જઇએ. આ દયાધર્મના આઠ વિભાગ કરવામાં આવ્યા છે તે બન્નેના યુગળથી લેવામાં આવશે તો દરેક વિભાગ પૂર્ણ થશે. પ્રથમ તે આઠે પ્રકાર વિચારી તેના વિભાગપર ન્યાયદૃષ્ટિએ વિચાર કરવામાં આવશે.

૧ **દ્રવ્યદયા**–વ્યવહારથી કોઇ પણ જીવ ન મરે તેવી રીતે જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવી એનું નામ દ્રવ્યદયા કહેવાય છે. કોઇ પ્રાણી પછી ભલે તે પાંચ ઇંદ્રિયવાળો હોય કે એક બે ત્રણ કે ચાર ઇંદ્રિયવાળો હોય તેના સંબંધમાં કોઇ પ્રકારની ઇજા અડચણ પીડા ઉપજાવવાનો પ્રસંગ આવે તે વખતે સંભાળ પૂર્વક કામ લેવું તે દ્રવ્યદયા કહેવાય છે. દાખલા તરીકે કોઇ કામ કરતાં લાકડાનો કટકો ઉપયોગમાં લેવાનો હોય કે પુસ્તક લખતાં પેન્સીલનો ઉપયોગ કરવાનો હોય તો તે લાકડાના કટકાને કે પેન્સીલને બરાબર જોઇ તપાસી વાપરવી, તેના ઉપર કોઇ નાનો જીવ હોય તેને પણ ઇજા થાય નહિ અથવા તે મરણ પામે નહિ તેવી સંભાળ રાખવી, એ દ્રવ્યદયા. કોઇ ઘેટા બકરા ગાય વિગેરેનો ઘાત થતો હોય, કોઇ માણસનું ખુન થતું હોય તેને તેમાંથી પોતાના જોરથી, લાગવગથી કે ધનથી છોડવવા, તેનો કેસ ચલાવી આપવો કે તેને ફાંસીની સજામાંથી છોડાવવો એ સર્વ દ્રવ્ય–દયા છે. જીવ વ્યવહાર મરણે મરતો હોય અથવા ઇજા પામતો હોય તેને કોઇ પ્રકારે ઇજા અથવા મરણમાંથી છોડાવવો એ દ્રવ્યદયા છે. પ્રાણી ગમે તેવી દુઃખી સ્થિતિમાં હોય, ખાવાનું ન મળતું હોય, અન્નને અને દાંતને વૈર ચાલતું હોય, શરીરમાં અનેક વ્યાધિઓ મહા કષ્ટ આપતા હોય, માનસિક અને શારીરિક વ્યથાઓનો પાર ન હોય, માથે લાખો રૂપિયાનું દેવું હોય, નજીકમાં નજીકના પ્રેમી માણસો ચાલ્યા ગયા હોય, જેને દુનિયામાં પોતાનાં કહેવાય એવાં કોઇ પણ રહ્યાં ન હોય અને એવી રીતે અનેક પ્રકારના કલ્પી ન શકાય તેવા દુઃખી જીવનવાળાને પણ મરવાની વાત પસંદ આવતી નથી. કદાચ દુઃખના આવેશમાં તે છુટી જવાનો ઇરાદો કરી કંટાળાથી મરવાની ઇચ્છા રાખતો હોય તોપણ મરણ આવીને ઉભું રહે ત્યારે જરૂર તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાથી દૂર ભાગવા યત્ન કરશે અને કોઇપણ પ્રકારે આ સંસારમાં પોતાનું આયુષ્ય વધે, પોતે વધારે વખત અહીં રહે એવો પ્રયાસ કરશે એ સર્વ હકીકત એટલું બતાવે છે કે કોઇ પ્રાણીને વિચારશક્તિ હોય તેને મરણ પસંદ નથી. આ સંબંધમાં આપણે કોઈપણ પ્રાણીની વાત કરીએ છીએ તે એક રીતે યોગ્ય છે, પરંતુ જેઓ વસ્તુસ્વરૂપ સમજીને આત્મા અને શરીર વચ્ચેનો અનિત્ય સંબંધ સમજે છે, શરીરને ભાડાનું ઘર માને છે અને વિશુધ્ધ જીવનને પરિણામે વિશિષ્ટ સ્થિતિ ભવાંતરમાં મેળવવાની યોગ્યતાવાળા હોય છે તેઓના સંબંધમાં ખાસ અપવાદ ગણવા યોગ્ય છે. એવા ઉંચી કોટીના પ્રાણીઓ મરણ ઇચ્છતા નથી, મરણથી ડરતા પણ નથી અને નિરંતર મરણ માટે તૈયાર રહે છે. આવા અસાધારણ ઉચ્ચવૃત્તિના પુરૂષોના સંબંધમાં હાલ વિવેચન કરવાનું નથી, બાકી સામાન્ય રીતે અવલોકન કરવામાં આવશે તો બરાબર જણાશે કે ઘણાખરા પ્રાણીઓને 'મરણ' શબ્દ પણ બહુ અકારો લાગે છે. કોઇને 'મર' એટલું કહેવામાં આવે તો તેથી પણ એટલું ખોટું લાગે છે કે તેની સત્તા હોય તો કહેનારને એક બે તમાચા સામા લગાવી કાઢે, આટલા માટે ઉપાધ્યાયજી **શ્રીમદ્યશોવિજયજી** પોતાની કરેલી પ્રથમ પાપસ્થાનકની સજ્ઝાયમાં લાવ્યા છે કે '**મર કહેતાં પણ દુઃખ હોયે રે, મારે કેમ નવિ હોય;**' આવી રીતે મરણ કોઇ મનુષ્યને ગમતું નથી, માત્ર અસાધારણ ઉચ્ચગ્રાહી સત્ત્વો તેની દરકાર કરતા નથી, એટલુંજ નહિ પણ હાથી, ઘોડા, ગાય, મૃગ, માછલી વિગેરે પણ બની શકે ત્યાં સુધી મરણથી દૂર દોડી જાય છે, મરવાનો ભય જણાતાં પોતાના મુખ પર સ્પષ્ટ ગ્લાનિ બતાવે છે અને સમજણ પ્રમાણે શોક કરે છે, આરડે છે અને રડે પણ છે. આ સર્વ બાબત એટલું બતાવે છે કે કોઇ પણ પ્રાણીને મરણ ગમતું નથી. આ ઉપરાંત અવ્યકત ચેતનાવાળા બે ત્રણ ચાર ઇંદ્રિયવાળા અને સ્થાવરોને પણ મરણ વખતે ઘણું દુઃખ થાય છે એમ તેઓના સંબંધમાં અવલોકનથી જોઇ શકાય છે. વિકલેંદ્રિયો મરણને બને ત્યાં સુધી દૂર કરતાં જોવામાં આવ્યા છે. પ્રો. બોઝના અતિ નાજુક યંત્રોએ વનસ્પતિમાં ચેતના સ્પષ્ટ કરી આપી છે. અને તેથી તેઓને પણ મરણ વખતે એવીજ લાગણી થતી હશે. એમ જણાય છે કે સામાન્ય અપવાદ બાદ કરીએ તો કોઇ પણ પ્રાણી મરણ ઇચ્છતો નથી, મરવાની વાત પણ તેને પસંદ આવતી નથી અને મરણ થાય ત્યારે બહુ દુઃખ પામે છે. અકાળ મરણ થવાનો પ્રાણીને પ્રસંગ આવે, ત્યારે અથવા કોઈ પોતાની ઇચ્છા તૃપ્ત કરવા કે શોભા કરવા, કોઇ જીવને ત્રાસ આપીને મોજ માણતો હોય કે કોઈ જરૂરીઆતને અંગે કોઈ પણ પ્રાણીના પ્રાણ લેતો હોય ત્યારે અથવા પોતાને કોઇ તેવો પ્રસંગ આવે ત્યારે અન્યના પ્રાણ ન જાય તેવી રીતે વર્તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું, તેના તરફ લાગણી બતાવવી, તેના દુ:ખ તરફ સહાનુભુતિ બતાવવી, તેને મરણના દુ:ખમાંથી છોડાવવા પ્રયત્ન કરવો એ સર્વનો સમાવેશ 'દ્રવ્યદયા'માં થાય છે.

૨ ભાવદયા—અન્ય જીવોને સંસારમાં રખડતાં, અનેક પ્રકારની પીડાઓ ભોગવતાં જોઈ મનમાં ત્રાસ આવે, તેઓને અનેક પ્રકારના આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવવાની અંતઃકરણપૂર્વક ઇચ્છા થાય અને તેમ કરવાનાં સાધનો યોજવામાં આવે તે સર્વનો સમાવેશ ભાવદયામાં થાય છે. આ પ્રાણી અવલોકન કરીને જુએ છે ત્યારે તેને માલૂમ પડે છે કે અનેક પ્રાણીઓ ધનની આશાએ ઘણાં પાપો સેવે છે, ક્રોધ કરીને મહા અનર્થો ઉપજાવે છે, પોતાના ઐશ્વર્ય, સુખ, વિદ્યા, કુળ, સંતતિ, ધનપેદા કરવાની શક્તિ વિગેરે માટે વારંવાર અભિમાન કર્યા કરે છે, પોતાની જેવું આ દુનિયામાં કોઇ નથી એમ વારંવાર મનમાં લાવ્યા કરે છે, સમજણની બાબતમાં એટલો ફાંકો રાખે છે કે આખી દુનિયામાં અક્કલ હોય તેનો અડધાથી વધારે ભાગ તો પોતાના એકલામાંજ સમાયલો છે અને બાકી અડધાથી કાંઇક ઓછો ભાગ આખી દુનિયાને વહેંચી આપવામાં આવ્યો છે, પોતાની વાત સાચી કરવા માટે અનેક પ્રકારનાં કપટો કરે છે, માયાની જાળ પાથરી ધર્મને નામે અનેકને ઠગે છે, સત્ય બોલનાર કે પ્રમાણિક આચરણ કરનારનો ડોળ ઘાલી મહા નિંદ્ય આચરણો કરે છે, વ્યવહારમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે અનેક કુભાંડો રચે છે, લોભને અંગે અનેક પ્રકારના તિરસ્કારો સહન કરી જાય છે, પરસ્ત્રી સામું વિષયબુદ્ધિથી જુએ છે, પોતાની ઇંદ્રિયો તૃપ્ત કરવા અનેક અઘટિત ઘટનાઓ કરે છે, અન્ય સ્ત્રી સાથે યથેચ્છ વિલાસ કરવા ગોઠવણ કરે છે, અકાળે વિષયાસક્ત થઇ જાય છે, જીભને રાજી રાખવા માટે અનેક અભક્ષ્ય પદાર્થો એકઠા કરે છે, સારા પદાર્થો સુંઘવામાં સુખ માને છે, નાટકો જોવામાં રસ લે છે, સુંદર ગાયનો સાંભળવામાં ગૃદ્ધ થાય છે, ધન, ધાન્ય તથા ફરનીચર આદિ વસ્તુઓના ઢગલાઓ હોય તોપણ વધારેની ઇચ્છા રાખે છે, સંસારને ચોંટતો જાય છે અને પરભાવમાં રમણતા કરી અનેક દુષ્ટ વિચારોને પરિણામે સંસાર વધારતોજ જાય છે. એવાં પરભાવમાં રમણતા કરાવનાર કાર્ય અને વર્તનને પરિણામે સંસારમાં ધકેલા ખાધા કરે છે અને મહા દુઃખ પામે છે. વસ્તુસ્વરૂપ ન સમજવાથી પોતાને શા કારણે પાછા પડવું પડે છે તે સમજતો નથી અને દુઃખનું ઓસડ કરવા જતાં કર્મવ્યાધિનું નિદાન બરાબર ન કરવાથી ખોટી ચિકિત્સા કરી વધારે વધારે સંસારમાં ફસતો જાય છે. એવી રીતે પરભાવમાં આસક્ત રહેનાર, બહારથી સુખ મેળવવાની ઇચ્છા રાખનાર, વસ્તુસ્વરૂપનો બરાબર અભ્યાસ નહીં કરનાર પ્રાણી અનેક પ્રકારના દુઃખો સહન કરતો એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પડતો સંસારને વધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો અવ્યવસ્થિતપણે જ્યાં ત્યાં પવન આવે તેમ ઘસડાયા કરતો હોય છે. તેને જોઈ અંતઃકરણ પૂર્વક તેને માટે દયા લાવવી, તેને આ સંસારની સર્વ ઉપાધિમાંથી છોડવવા યથાયોગ્ય વસ્તુસ્વરૂપ બતાવવું, સમજાવવું, યોગ્ય ઉપદેશ આપવો અને પોતાથી બને તેવાં સાધનો તેને યોજી આપવાં, તે સર્વનો ભાવદયામાં સમાવેશ થાય છે. ઉપરોક્ત વિશુદ્ધ ઇરાદાથી જાહેર ભાષણ કરવાં, વ્યાખ્યાન કરવું, આત્મતત્ત્વ સમજાવે તેવાં પુસ્તકો કે લેખો લખવા અને અન્ય જીવને હિત થાય તેવી એકાંત બુદ્ધિથી તેને પ્રગટ કરવાં, છપાવવાં તે સર્વનો આ **ભાવદયામાં** સમાવેશ થાય છે. અનેક જીવોને શુદ્ધ માર્ગ તરફ વાળવા માટે દૂર દેશમાં મુસાફરી કરી ઉપદેશનો ઝુંડો ફરકાવવો એવાજ આશયથી અન્ય ભાષામાં શુદ્ધ સાહિત્યનો—આત્મતત્ત્વજ્ઞાનનો ફેલાવો કરવો અને તેને સસ્તી કિંમતે અથવા વગર કિંમતે ફેલાવવા ગોઠવણો કરવી, એ સર્વનો આશય જો અન્ય પ્રાણીઓનું ભવાભિનંદીપણું મટાડી તેને શુદ્ધ માર્ગપર લઇ આવવાનો હોય તો તે સર્વનો સમાવેશ આ 'ભાવદયા' માં થાય છે. તીર્થંકર મહારાજનો જીવ જ્યારે સંસારમાં સાદા આકારમાં હોય છે ત્યારે તેઓ અવલોકન કરીને જુએ છે, તો સંસારના સર્વ જીવો અનેક દુઃખોમાં ડુબેલા અને ત્રાસ પામતા તેમની નજરે પડે છે. એ વખતે તેમના મનમાં એવી પ્રબળ ભાવના થાય છે કે આ સર્વ જીવોને સંસાર બંધનથી મૂકાવી, વસ્તુસ્વરૂપ સમજાવી નિવૃત્તિ નગરીએ લઈ જઉં અથવા મોકલાવી આપું, આવા એકાંત શુદ્ધ આત્મ પરિણામને અંગે તેઓ તીર્થંકર નામકર્મનો બંધ કરે છે, **" સવિ જીવ કરૂં શાસન રસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી "** આ દરેક તીર્થંકરનો અગાઉના ભવમાં મુદ્રાલેખ હોય છે. તે વખતે પોતે જે કાર્ય હાથ ધરવા ધારે છે તેની મુશ્કેલીઓપર કે ઘણે અંશે રહેલી દુઃશકયતાપર વિચાર હોતોજ નથી. એમના મનમાં એમજ રહે છે કે મારૂં ચાલે તો આ સર્વ જીવોને આ દુઃખમાંથી મૂકાવી દઉં. ભાવદયાનો ઉત્કૃષ્ટ ખ્યાલ આપે એવું આ દૃષ્ટાંત છે. ભાવદયામાં પરને અંગે દયા આવે છે તે વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે. અન્ય પ્રાણી આ સંસારકારાગૃહથી કેવી રીતે મૂકાય તેનો વિચાર કરવો અને તેના સાધનો યોજવાં એ સર્વનો સમાવેશ આ **ભાવદયાના** વિષયમાં થાય છે.

૩. **સ્વદયા**—પોતાના સંબંધમાં આત્માવલોકન કરતાં આ પ્રાણીને સમજાય છે કે અનાદિ કાળથી પોતાનો ચેતન ( પોતે ) પરભાવમાં એટલો આસક્ત રહે છે કે એને સ્વવસ્તુ કઈ છે અને પરવસ્તુ કઇ છે તેનું ભાન રહેતું નથી. પોતાનામાં જ્ઞાન દર્શન ચારિત્રાદિ વિશિષ્ટ ગુણો ભરેલા છે અથવા પોતે તે ગુણમય છે તે સ્વરૂપ ભૂલી જઇ અજ્ઞાન—મિથ્યાત્વને તાબે થઇ તે પોતાના સગાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી મિત્રોને પોતાનાં માને છે, તેઓ ખાતર અનેક પ્રકારની ઉપાધિઓ આદરી બેસે છે, તેઓનાં મનનું આકર્ષણ કરવા અનેક યોગ્ય અયોગ્ય સંબંધો જોડે છે, તેઓના વ્યવહારૂ દુઃખે પોતાને દુઃખ થયેલું માને છે, ધનનો સંચય વધારવા ખાતર ધનની ઝંખના કરે છે, ધન મેળવવા અનેક યોજનાઓ કરે છે, ધનને જાળવવા માટે અનેક ચિંતા કરે છે, ધનને વાપરતાં પોતાનીજ કોઈ વસ્તુ વપરાઈ જાય છે એમ માની લે છે, ઘર, માલ, દાગીનાં અને રોકડના ઢગલા કરે છે, જમે બાજુનો સરવાળો જોઇ રાજી રાજી થઈ જાય છે, પોતાની ધન પ્રાપ્ત કરવાની શક્તિપર મોહી જાય છે, અન્યની સાથે તે સંબંધમાં બહુ હોંશથી મગરૂબી પૂર્વક વાતો કરે છે, આ સંસારયાત્રાની સફળતા વધારે ધન મૂકીને જવાય તેમાંજ માને છે, ક્રોધ કરવામાં પોતાની શક્તિને વ્યક્તરૂપે બતાવવારૂપ શૌર્ય સમજે છે, અભિમાન કરવામાં સ્વદર્શન-પ્રકટીકરણ માને છે, કપટક્રિયા કેળવતાં ન પકડાઈ જવાની કુયુક્તિઓ યોજવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરે છે, જેટલું બને તેટલું ધન એકઠું કરવાના પ્રસંગોમાં અહોરાત્ર મશગુલ રહે છે, સ્વજન સંબંધીના સંયોગમાં પોતાની જાતને સુખ માને છે, કોઇ પણ કારણે તેઓનો વિયોગ થતાં દુઃખ માને છે, ભવિષ્યમાં વસ્તુઓ ચોરાઈ જશે કે ચાલી જશે તેની અથવા સંબંધીના ઉપયોગની ચિંતા કર્યાં કરે છે અને આવી અનેક રીતે પોતાના આત્માનો વિચાર કરવાને બદલે અન્યનોજ વિચાર કર્યા કરે છે અને પરવસ્તુ અને પરપ્રાણ સાથે પોતાનો એવો તાદાત્મ્ય સંબંધ સમજે છે કે જાણે તે અને પોતે એકજ હોય એમ માનીને વ્યવહાર ચલાવે છે. માત્ર વસ્તુ સ્વરૂપ શું છે ? અને પોતે કોણ છે ? કેવો છે ? અને પોતાની આવી સ્થિતિ શા કારણે થઈ પડી છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ અત્યાર સુધી બરાબર કોઇ પણ પ્રસંગે નહિ થયેલો હોવાથી તેની આ પ્રમાણે સ્થિતિ થાય છે અને વાત એટલી હદ સુધી વધી પડે છે કે પરવસ્તુ અથવા અન્ય પ્રાણીઓ ખાતર પોતે મરણ સુધીનાં કષ્ટો સહન કરે છે. ધનના નાશથી કે પુત્રના વિયોગ યા મરણથી અથવા પ્રિય સ્ત્રીના વિરહથી અનેક પ્રાણીઓના પ્રાણ ગયાનાં દૃષ્ટાન્તો આપણે વાંચીએ છીએ. આ પ્રમાણે થાય છે તેનું કારણ વસ્તુસ્વરૂપનું અજ્ઞાન અને પોતે કોણ છે તેનો વિચાર નહિ કરવાનું પરિણામ છે.

ઉત્ક્રાન્તિનો વિષય વિચારતાં આ જીવ ઘણો કાળ મિથ્યાત્વભાવમાં સબડયા કરે છે, ત્યાં તેને સ્થૂળ વસ્તુ ઉપર ઘણી પ્રીતિ થાય છે, પરવસ્તુ સાથે એકરૂપતા સમજે છે અને પરભાવમાં તે એટલો આસક્ત રહે છે કે લગભગ તે વિભાવો તેના સ્વભાવ જેવા થઇ જાય છે. ઘણા પ્રાણીઓને સંસારના વિરૂપી ભાવોપર આસક્ત થયેલા જોઈ એમ લાગી આવે છે કે જાણે જ્ઞાન દર્શનાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિર આત્મગુણો તો શાસ્ત્રમાંજ હોય અને તેનો પોતાનો સ્વભાવ આ દુનિયાની ધમાલમાં અથડાવા પછડાવાનોજ હોય-આવી રીતે તે બાહ્ય અને અભ્યંતર રીતે પરભાવમાં આસક્ત થઇ વર્તે છે અને પરભાવ સાથે તન્મય હોય તેવો લાગે છે. જ્યારે વસ્તુસ્વરૂપનો કાંઈ આભાસ થાય છે ત્યારે તેને સમજાય છે કે પોતે પણ ઘણું ભૂલ્યો અને સાધ્ય તરફ જવાને બદલે ઉલટોજ માર્ગ લઇ વસ્તુતઃ સુખ ન હોય તેવા પદાર્થોમાં કે ભાવોમાં સુખ માન્યું. આવા પ્રકારની વિચારણા કરી અજ્ઞાન દશામાંથી શુદ્ધ માર્ગપર પોતાના ચેતનને લઇ આવવો તે **સ્વદયા** કહેવાય છે. ભાવદયાનું લક્ષ્યસ્થાન અન્ય પ્રાણીઓ હોય છે, જ્યારે સ્વદયાનું લક્ષ્યસ્થાન પોતાનો આત્મા હોય છે. એ સ્વદયામાં મરણ કે વ્યાધિથી પોતાના આત્માને બચાવી લેવાની દયા તરફ લક્ષ્ય નથી પણ અનાદિ કાળથી પરભાવમાં રમણ કરનાર અને અન્ય ભાવોને પોતાના માનનાર પોતાના આત્માને તેવા ઉલટા માર્ગથી બચાવી તેના સાધ્યસ્થાને પહોંચે તેવી સ્થિતિપર તેને લઇ આવવો અને તે સંબંધમાં યોગ આત્મનિરીક્ષણ કરવું, યોગ્ય આત્મવિચારણા કરવી, વિચારણાને પરિણામે યોગ્ય વર્તન કરવું તે લક્ષ હોય છે. તે સર્વનો સ્વદયામાં સમાવેશ થાય છે. એવી રીતે પોતાના આત્માનું ઉત્થાન કરતાં બાહ્યદૃષ્ટિએ કાંઇક હિંસા લાગે તોપણ તે વસ્તુતઃ દયાજ છે, કારણકે જ્યાં ચેતન સ્વરૂપ સન્મુખ હોય ત્યાં દયા તેના શુદ્ધઆકારમાં હાજર રહે છે. આવી રીતે જ્યારે ચેતનની ઉન્નતિ કરવાના સાધનોની યોજના કરવામાં આવે છે ત્યારે શરૂઆતમાં આશ્રવના દોષો લાગતાં હોય તેવું જણાય છે, પરંતુ તેવા દોષો દોષની ગ્રાહ્ય દૃષ્ટિથી થતાં નથી, પણ ચેતનાની ઉત્ક્રાન્તિને અંગે થઈ જાય છે અને તેઓને દૂર રાખવા અશકય હોવાને લીધે થઇ આવે છે તેમાં સાધ્ય વિશુદ્ધ હોય છે તેથી તેને આશ્રવરૂપ ન ગણતાં સ્વદયા નિમિત્ત હોવાથી વ્યવહાર ધર્મમાં તેનો સમાવેશ થાય છે.

અપૂર્ણ

( મૌક્તિક )

# कस्तूरी अने चंदननो संवाद.

એકદા અસ્ખલિત અને અખંડ કેવળ સુગંધના ગુણથી મનમાં અતિશય ગર્વ લાવી, ચંદન પ્રમુખ બીજી બધી સુગંધી વસ્તુઓને તુચ્છ માનતી કસ્તુરી આ પ્રમાણે કહેવા લાગી:-"હે કર્પૂર! તારૂં મર્દન કરવામાં આવે ત્યારે તું સુગંધ આપે છે, અરે! ચંદન! તારૂં ઘર્ષણ કરવામાં આવે ત્યારે તું સુગંધ આપે છે, રે કાલાગુરૂ! તું અગ્નિમાં હોમવામાં આવે, ત્યારે સુગંધ આપે છે, પણ મારા (કસ્તુરીનાં) તો હજી દર્શન થયા હોય તે પહેલાં હું સુગંધ આપું છું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે પોતાની એવી નિંદાના નિમિત્તથી ચિત્તમાં અતિશય કોપ લાવીને ચંદને કહ્યું:—"હે કસ્તૂરી! અતિ સુગંધી વસ્તુઓમાં અગ્રપદ પામીને ચંદન, કર્પૂર અને કાલાગુરૂનો કરોડો ગમે કઠણ કાંટાઓ જેવા રે રે અને અરે અરે એવા શબ્દોથી શા માટે તિરસ્કાર કરે છે? ઉંચા કુળમાં થયેલ જન્મને લીધે અને સુગંધવાળા હોવાથી બજારમાં સાથે વાસ હોવાને લીધે સ્વદેશી અને સહવાસી એવા અમારી (ચંદન વિગેરેની) સાથે તારે મિત્રાઇ કરવી ઉચિત છે. પરંતુ હે કસ્તુરી! તું તારો સ્વભાવ ભજવ્યા શિવાય નહિ રહે. એક કવિએ કહ્યું છે કે:—"હે કસ્તૂરી! તને ધિક્કાર થાઓ, તારો કુરંગ (હરણ) થી જન્મ થયેલ હોવાથી તું નિરંતર કુરંગવાળી (કાળી) જ છે, તેથી તું માણસોને ગ્રહણ કરવા યોગ્ય નથી. અથવા તો જેવાં કારણો હોય તેવુંજ કાર્ય થાય છે. તું ખરેખર! દુર્ગુણી ચીજોમાં પણ પ્રમુખપદે બિરાજે એવી છે, કારણ કે જન્મ્યા પહેલાંજ તારા જનક (ઉત્પન્ન કરનાર પિતા—હરણ) ને તું મરણ પ્રાપ્ત કરાવે છે. માટે સર્વ રીતે ગુણયુક્ત આ સુગંધી વસ્તુઓને શા માટે નિંદે છે?"

આ પ્રમાણે ચંદનનું કથન સાંભળીને પુન: કસ્તૂરી ચંદનને કહેવા લાગી: "હે ચંદન! આ જે તેં મારા દોષો બતાવ્યા તે મારા મહિમાની કોઇ રીતે હાની કરી શકે તેમ છેજ નહિ, કારણ કે:—"કેતકીનો જન્મ ઉકરડાથી થાય છે, કાજળ પોતાની કાલિમા કદી મૂકતું નથી અને ખચ્ચર શું પોતાની માતાનો નાશ કરતું નથી? તથાપિ તેઓ લોકમાં આદરપાત્ર છે."

આ કથન સાંભળીને ચંદને કહ્યું:—"હે કસ્તૂરિકે! વિવિધ પ્રકારના ગુણોથી ગરિષ્ઠ એવી તે વસ્તુઓમાં રહેલ લેશ માત્ર દોષો સમુદ્રમાં નાખેલ સક્તુમુષ્ટિની જેમ પ્રસાર પામતા નથી, પણ તારામાં તો એ ત્રણે દોષો મળે છે, તેથી તારામાં એવો કયો ગુણ છે કે જેથી તને અધિકતા પ્રાપ્ત થાય?"

આ પ્રમાણે પોતાની લઘુતા સાંભળી કસ્તૂરી કહેવા લાગી:—"હું (કસ્તૂરી) શુદ્ધ હઉં કે મલિન હઉં તેથી શું થયું? મારામાં ચમત્કાર ઉપજાવે એવો અસાધારણ એક સુરભિ ગુણ છે, જે ગુણને લીધે હું સ્ત્રીઓના શૃંગાર સમયે કરતલમાં, ભાળ ઉપર, કપોલપર, ગળે, ખભાપર અને કુચમંડળપર સ્થાન પ્રાપ્ત કરૂં છું. તેમજ મારૂં જન્મસ્થાન ભલે વિમલ નથી, તથા વર્ણપણ રમણીય નથી અને શરીરની શોભા તો જાણે કાદવની શંકા ઉપજાવે તેવી છે, છતાં મારો એક સુગંધી ગુણજ સર્વ સુરભિ દ્રવ્યોના ગર્વને ગાંજી નાખે તેવો છે."

આટલું સાંભળતાં ચંદને સામર્ષ કહ્યું:—"અરે ગર્વિષ્ટી કસ્તૂરી! ઘણા દુર્ગુણોના મધ્ય ભાગમાં આ તારો ઉત્કટ પરિમલ ગુણ શી રીતે પ્રકાશમાં આવી શકે? કારણ કે ગંગા નદીનું મોટું પૂર પણ જ્યારે સમુદ્રમાં જઇને ભળે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તે દેખાતું નથી. વળી अति सर्वत्र वर्जयेत् 'અતિશય બધું વર્જવું' આ નીતિવાક્ય પ્રમાણે વિચાર કરતાં પણ તારામાં અતિ પરિમલનો ગુણ છે, તે રમણીય નથી. કહ્યું છે કેઃ—

"गुणो गरीयानपि दोषरूपतामुपैति लोके विहितातिविस्तरः ।
कुरंगनाभिः किमतीव गंधतो न गंधधूलीत्यभिधीयते बुधैः" ॥ १ ॥

"મોટો ગુણ પણ જો અતિ વિસ્તાર પામે છે તો તે લોકમાં દોષરૂપે દેખાય છે. કારણકે અતિ ગંધથી કસ્તૂરીને પંડિતો શું 'ગંધધૂલી' એવા નામથી ઓળખતા નથી ?" તેમજ વળીઃ—

"एको रविरतितेजा, अतिशूरः केसरी वने वासी ।
अतिविपुलं खं शून्यमतिगंभीरोंबुधिः क्षारः" ॥ १ ॥

"રવિ બહુ તેજસ્વી હોવાથી તે એકલોજ રહે છે, કેસરી બહુ શૂરવીર હોવાથી તેને વનમાં વાસ કરવો પડે છે, આકાશ બહુ વિપુલ છે તેથી તે બિલકુલ શૂન્યજ છે, અને સમુદ્ર અતિ ગંભીર હોવાથી તે ક્ષાર છે."

આ પ્રમાણે સાંભળી ઉભરાઈ જતા રોષથી કસ્તૂરીએ કહ્યું:—"હે અધમ ચંદનકાષ્ટ ! અતિ રમણીય કુસુમ અને ફળની સંપત્તિ તો તારામાં છેજ નહિ, છતાં મને તું દૂષિત ગણે છે, પરંતુ તને હું તૃણતુલ્ય અને ગુણહીન સમજું છું. મારો પિતા કુરંગ, તારા પિતા (પર્વત)ના શિરપર પગ દઈને ચાલે છે, તો હું શું તને જીતવાને સમર્થ નથી ?"

ત્યારપછી ચંદને કંઈક સતેજ થઈને કહ્યું:-"હે મદાંધ ગંધધૂલિ ! જો કે મોટા પુરૂષો પોતાના ગુણો સ્વમુખથી કહેતા નથી, છતાં કદાચિત્ તેમને પોતાના ગુણો પણ કહેવા પડે છે. માટે મારા ગુણો તું સાંભળ:—"જ્યાં અગસ્તિ મહાત્માનો નિવાસ હતો એવા મલયાચલ જેવા પવિત્ર અને પ્રસિદ્ધ સ્થાનમાં મારો જન્મ થયો છે, હું સર્વાંગે સુગંધી છું અને પ્રસંગમાં આવનાર બીજાને પણ સર્વથા સુરભિસમેત કરું છું; મારામાં રહેલો રક્તતાનો ગુણ પણ મંગલકારી છે, એટલુંજ નહિ પણ તે લોકમાં સારી કિમ્મત પ્રાપ્ત કરે છે, લોકો મને સારૂં માન આપે છે અને વિલેપનના પ્રયોગથી હું શરીરની છ માસની ગરમી દૂર કરૂં છું. વળી મેં કેટલી પરીક્ષાઓ પસાર કરીને કેવી નામના મેળવી છે. તે સાંભળ:—મારી જન્મભૂમિથી અલગ થતાં હું ગભરાયો નહીં, તે પછી સમુદ્રના જળપૂરથી તણાઈને વિદેશમાં ગયો સાગરના કાંઠે વનમાં મેં વાસ કર્યો, ત્યાં કેટલાક ભિલ્લ લોકોએ આવીને મને ખંડિત કર્યો, પછી વજન કરીને મારો વિક્રય કર્યો અને ત્યારબાદ લોકો મને કઠિન શિલાપર ઘસવા

For Private And Personal Use Only

લાગ્યા. અરે મૃગમદ ! આટલી કસોટીમાંથી હું પાર ઉતર્યો, તેથી લોકો મને માન આપે છે, અથવા તો ખરી વાત છે કે વિપત્તિઓનો વરસાદ વરસતો હોય છતાં જે ગુણોને જાળવી રાખે તેને કોણ માન આપતું નથી ? વળી મારામાં પરિમલ ગુણ મંદ છે અને તારામાં અધિક છે, એ વાત સવાસોળ આના સાચી છે, પણ ખરેખરી રીતે તો લોકો મનેજ કેવલ ગંધસાર ( શ્રેષ્ઠ ગંધયુક્ત ) કહીને બોલાવે છે. કદાચ ભ્રમણશીલ કુરંગ મલયાચલના શિખરપર આરૂઢ થાય તો તેથી મલયાચળની શ્રેષ્ઠતામાં શું હાની આવે તેમ છે ? શું કાગડો મેરૂપર્વતના શિખરપર જઇને બેસે, તેથી તેનો મહિમા ઓછો થઈ જાય તેમ છે ? પણ આ પ્રમાણે પરસ્પર અહીં આવી ચર્ચા કરીને શા માટે કાલક્ષેપ કરવો ? ચાલ, આપણે રાજસભામાં જઇએ અને ત્યાં આપણો ઇન્સાફ કરાવીએ. ” આમ વિચારીને તે બંને રાજસભામાં ગયા. ત્યાં રાજાએ તેમના વિવાદનો વૃત્તાંત જાણીને પંડિતોને પૂછયું, એટલે તેઓ કહેવા લાગ્યા:-“ હે રાજન્ ! એટલું તો ખરૂં છે કે, મૃગમદ પોતાના પરિમલથી જગત્‌ને ખુશ કરે છે, છતાં ચંદનમાં શુક્લતા અને શીતલતા એ બે ગુણ અધિક છે. ”

આ પ્રમાણે સાંભળી ચંદને કહ્યું-જે બે ગુણથી અધિક તે અધિકજ છે. ‘ જે એક ક્રમથી વધે, તે શતક્રમથી પણ વધે. ’ આ પ્રમાણે ચંદનનું વચન રાજાએ સ્વીકાર્યું એટલે વિવાદનો અંત આવ્યો. પછી તે બંને શાંત થઇને સ્વસ્થાને ચાલ્યા ગયા.

॥ इति मृगमदचंदनयोः संवादः ॥

## दान, शील, तप अने भावनो संवाद.

“ હે ભવ્યો ! દાન, શીલ, તપ અને ભાવ—એ ચતુષ્ક તમારૂં કુશલ કરો. જે ચતુષ્ક મુકુંદ (કૃષ્ણ) ના બાહુ ( ભુજા ) ની જેમ સજ્જનોના ધર્મનાજ ચાર ભેદ રૂપ પ્રસિદ્ધ થયેલ છે, અને જે સમ્યક્ત્વરૂપ ગરિષ્ઠ મેરૂ પર્વતની ચૂલિકાના અગ્રભાગપર શોભતા કલ્પવૃક્ષોની પરમ શોભાને ખરેખર ધારણ કરી રહેલા છે. ” કહ્યું છે કેઃ —

“ शीलं पार्वणशर्वरीशमहसां धिक्कारि कर्मैधसां,
दाहेन ज्वलनार्चिरष्टमतया मन्येऽष्टमाख्यं तपः ।
भावो भासुरताभिभूततरणिर्दानं निदानं शिव-
श्रीणां चेति चतुष्टयं युगपदप्यासेदुषी चंदना ॥ १ ॥

[illegible] ચંદ્રનો પણ તિરસ્કાર કરે તેવું ઉજ્વલ છે, કર્મ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ કાષ્ઠને દહન કરનાર હોવાથી અષ્ટમ વિગેરે તપ, એ જાણે અષ્ટમ જ્વલન[1] ( અગ્નિ ) હોય એમ ભાસે છે, પોતાની ભાસુરતાથી સૂર્યનો પણ પરાભવ કરનાર એવા ભાવમાં સાક્ષાત્ અદ્દભુતતા રહેલી છે અને દાન તો મોક્ષશ્રીનું મુખ્ય કારણજ છે–આ ચારે ગુણો ચંદનબાળામાં એકીસાથે આવીને વસ્યા હતા."

એક દિવસે ભાગ્યવંત પુરૂષોના સમુદાયમાં પરમ આદર પામેલા, સ્વર્ગ અને મોક્ષનાં સુખો મેળવી આપવામાં અમોઘ કારણરૂપ, અને સર્વ પ્રકારે એક બીજાથી પોતામાં અધિકતા માનનારા તેમજ પોતાની નાના પ્રકારની વચનપટુતાથી પરસ્પર એક બીજાની અવજ્ઞા કરતા એવા તે ચારે ચૌટે આવીને વિવાદ કરવા લાગ્યા.

પ્રથમ દાને આ પ્રમાણે કહ્યું:–" અરે ! તમારા શીલાદિક ત્રણેમાં હુંજ વધારે માનપાત્ર છું. કારણ કે મારામાં કેવા અદ્ભુત ગુણો રહેલા છે, તે સાંભળો:—

" आनंदानां निदानं सुकृतपुरमहागोपुरं मोक्षनाम्नः,
क्रीडावासस्य वातायनमलमखिलश्रीमुखादर्शबिंबम् ।
कीर्त्तेः संपादनेऽलं पटुभवचरटत्रासराजन्यसैन्यं,
जैत्रं क्षेत्रं सुखानां जगति विजयते कोऽप्यसौ दानधर्मः " ॥ १ ॥

" દાન એ આનંદનું કારણ છે, સુકૃતનગરનું તે ગોપુર ( મુખ્ય દ્વાર ) છે, મોક્ષ નામના ક્રીડાવાસનો તે એક ગવાક્ષ છે, સમગ્ર લક્ષ્મીનું તે એક મુખાદર્શ બિંબ ( મુખ જોવાની આરસી ) છે, કીર્તિ સંપાદન કરવામાં તે અતિ આતુર છે, સંસારના સંકટરૂપ ચોરટાના સૈન્યને જીતનાર છે અને સુખોનું એક ક્ષેત્ર છે–ખરેખર ! દાનધર્મનો મહિમા કોઇ અદ્ભુતજ છે. " વળી:–" જેમ દાનના અંતરાય છે, તેમ શીલ અને તપના અંતરાય નથી. વર્ષાઋતુમાં વૃષ્ટિ ( વરસાદ )ના વિઘ્નો કહેલા છે, પણ શીત કે આતપને માટે અંતરાય કહેવામાં આવેલ નથી. "

આ પ્રમાણેના દાનના આત્મવર્ણનથી ઉશ્કેરાઇને લીલાસહિત શીલે કહ્યું:– " હે દાન ! આદિનાથ ભગવંતે સર્વથા તને ગુણરૂપ કહેલ નથી, તારામાં દોષ પણ રહેલો છે, કારણકે તું તીર્થંકરોને યાચના કરાવવા હાથ નીચો કરાવે છે. અને બીજું તારૂં નામ એ અન્યોન્ય વિરૂદ્ધાર્થ વાચક વર્ણયુગલથી નિષ્પન્ન થયેલ છે. ( દા–દેવું અને ન–નાપાડવી ) માટે આવી વૃથા આપ બડાઈ શા માટે કરે છે ? તેવી ખોટી બડાઇથી તો વિચક્ષણ માણસો ઉલટા રોષિત થશે. તું નિર્ગુણ હોવાથી તારે આત્મશ્લાઘા કરવી તે કાણી આંખમાં કાજળ આંજ્યા બરાબર છે. હું જો મારા વખાણ કરૂં, તો તે યોગ્ય છે. કહ્યું છે કે:–

" व्याघ्रव्यालजलानलादिविपदस्तेषां व्रजंति क्षयं,
कल्याणानि समुल्लसंति विबुधाः सांनिध्यमध्यासते ।

1 આઠમો અગ્નિ, વપરાતો અગ્નિ સાતમો કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कीर्त्तिः स्फुर्तिस्त्रियर्ति यात्युपचयं धर्मः प्रणश्यत्यघं,
स्वर्निर्वाणसुखानि संनिदधते ये शीलमाबिभ्रति " ॥ १ ॥

" જે ભાગ્યવંત પુરૂષો શીલને ધારણ કરે છે, તેમના વ્યાઘ્ર, દુષ્ટ ગજ, સર્પ, અગ્નિ અને જળ વિગેરેથી થયેલ ભય તરત નાશ પામે છે, કલ્યાણ સદાને માટે તેમને પ્રાપ્ત થાય છે, દેવતાઓ સહાય કરે છે, કીર્ત્તિ વધે છે, ધર્મ વૃદ્ધિ પામે છે, પાપનો ક્ષય થાય છે અને સ્વર્ગ મોક્ષનાં સુખો સુલભ થાય છે." તેમજ વળી:-" કલહ કરનાર, જનનો ઘાત કરનાર, નિરંતર પાપવ્યાપારમાંજ નિમગ્ન એવા નરકે જવા લાયક પ્રાણીઓ પણ જે સિદ્ધ થાય છે, તે ખરેખર! એક શીલનોજ મહિમા છે."

આ પ્રમાણે બંનેની આત્મશ્લાઘા સાંભળીને તપથી રહેવાયું નહિ, એટલે તેણે આ પ્રમાણે પોતાનું ભાષણ શરૂ કર્યું:-" હે શીલ! તું દાનનું નિકંદન કરીને અને તેની અવહીલના કરીને ભલે પોતાના મહિમાનો મંડપ રચ, પણ મારી પાસે તું શું માત્ર છે? હાથીની મોટાઈ ત્યાંસુધી, કે જ્યાંસુધી તે પર્વતની તળેટી આગળ નથી આવ્યો. ભાસ્કરની જેમ મારા મહિમાનું અવલોકન કરવાને પણ કોણ સમર્થ છે? કહ્યું છે કે:—

"यत्कुष्टादिगरिष्ठरोगविरतिर्निष्ठीवनालेपना—
न्मूत्रस्पर्शवशेन कांचनकला यल्लोहधातुष्वपि ।
रत्नानां करपल्लवश्रणयतो यच्चाक्षयत्वोन्नति—
स्तद्विश्वत्रयवंद्यमद्भुतगुणं सर्वं तपः स्फूर्जितम् " ॥ १ ॥

" તપસ્વીના શરીરની શુંકનું પણ લેપન કરવાથી કોઢ જેવા મોટા રોગો પણ નષ્ટ થાય છે, જેમના મૂત્રના સ્પર્શ માત્રથી લોહાદિ ધાતુઓ પણ કાંચનરૂપને ધારણ કરે છે, જેમના એક કરપલ્લવની છાયાથી નિધાન અક્ષય થઇ જાય છે અને જે વિશ્વત્રયને વંદ્ય છે—આવા અદ્ભુત ગુણો તપમાં રહેલા છે." તેમજ વળી:—" આ જગત્રયમાં જે જે સારી વસ્તુઓ છે, તે સર્વ વિધિપૂર્વક કરવામાં આવેલા તપને વશવર્ત્તીજ છે."

આ પ્રમાણે ત્રણેનું કથન સાંભળીને મનમાં અધિક હાસ્ય લાવીને ભાવે કહ્યું:—" વૈયાકરણોએ તમને ત્રણેને નપુંસક તરીકે ગણ્યા છે તે યોગ્યજ છે. મારા વિના તમે એક તણખલું પણ ભાંગવાને સમર્થ નથી, તો બીજું બહાદુરીનું કામ તો શું કરી શકવાના હતા? કહ્યું છે કે:— " દાનાદિકનો અભાવ છતાં ભાવ એકલો અપૂર્વ ફળ આપે છે, પરંતુ ભાવ વિના દાનાદિકની હયાતી કંઈ પણ ફળ આપવાને સમર્થ નથી," કહ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" यद्वत्सिद्धरसेन बिभ्रति परां लोहानि कल्याणतां,
यद्वद्वा लवणेन भोज्यमसमां सुस्वादुतां गाहते।
तांबूलं च बिभर्ति यद्वदुचितां चूर्णेन रागोन्नतिं,
तद्वद्भावभरेण निर्वृतिकरीं धर्मोऽपि धत्ते श्रियम् " ॥ १ ॥

" જેમ સિદ્ધરસથી લોહ સુવર્ણ બની જાય છે, લવણથી જેમ રસવતી સારા સ્વાદને ધારણ કરે છે અને જેમ ચૂનાથી તાંબૂલ ઉચિત રતાશને ધારણ કરે છે, તેમ ભાવના અતિશયપણાથીજ ધર્મ, મોક્ષદાયક લક્ષ્મીને ધારણ કરે છે. "

આ પ્રમાણે વિવાદ કરતાં કરતાં તેઓ ચારે, મનોહર અષ્ટ મહાપ્રાતિહાર્યની પ્રસરતી અપૂર્વ શોભાના સમૂહથી જે દેદીપ્યમાન છે, હર્ષપૂર્વક જ્યાં અનેક નર, સુર અને અસુરો આવીને એકઠા થયા છે અને નભોમંડળમાં નિરંતર જેના રત્ન, કનક અને રજતના પ્રાકારના કિરણો અતિશય પ્રસરી રહ્યા છે એવા સમવસરણમાં બિરાજમાન અને ચાર રૂપધારક ત્રણ જગતના નાથ શ્રી અરિહંતની પાસે ગયા. તે ચારેને વિવાદ કરતા જોઇને સર્વ સભાસમક્ષ ભગવાન્ યોજનગામિની વાણીથી બોલ્યા:—" હે ભવ્યો ! પાંચે પ્રકારના કલ્પવૃક્ષો જો કે સમાન છે, અને તેમાં પુષ્પ, ફળ, પરિમલ અને અભિલાષ પૂરવાનો ગુણ પણ સમાન છે, છતાં તેઓમાં પારિજાતને કવિઓ પહેલે નંબરે વર્ણવે છે. કહ્યું છે કે;—" મોટા અને કિંમતી આસનપર બેઠેલા અને અમૂલ્ય વસ્ત્રોને ધારણ કરનારા એવા તે રાજાઓમાં, કલ્પવૃક્ષોમાં જેમ પારિજાત, તેમ તેજથી એક રઘુસુત વધારે શોભતા હતા " આ પ્રમાણે તમારી પણ સમાનતા છતાં દાનધર્મ એ તમારામાં મુખ્ય છે. કારણ કે:—

" शीलादयोऽपि सत्पात्र–दानस्यायांति संनिधौ ।
मंडलीकाः सहायांति, राजराजे निमंत्रिते " ॥ १ ॥

" સત્પાત્રદાનના પ્રભાવથી શીલાદિ પોતાની મેળે પાસે આવે છે. કારણકે મુખ્ય રાજાને નિમંત્રતા મંડલીક રાજાઓ સાથે આવેજ છે. " તેમજ વળી:—

" हे शील । चंद्रकरलील भवांबुराशि–
निस्तारणोडुपतपः शृणु भावने त्वम् ।
एकस्य मुक्तिरभवद्भवतां प्रसादाद्
दानात्तु दातुरपरस्य च मोक्षमार्गः " ॥ १ ॥

" ચંદ્ર સમાન શીતલ અને ઉજ્વલ એવા હે શીલ ! સંસારસમુદ્રથી તારવામાં નાવ સમાન એવા હે તપ ! અને હે ભાવના ! તમારા પ્રસાદથી તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકનેજ મુક્તિ પ્રાપ્ત થાય છે, પણ દાનના અભાવથી તો બંનેને-લેનારને અને દેનારને મોક્ષમાર્ગનો લાભ થાય છે."

આ પ્રમાણે દાનાદિકના વિવાદનો અંત લાવીને ભગવાન્ ચતુર્વિધ સંઘ સમક્ષ, ધર્મના પ્રથમ ભેદ તરીકે પ્રસિદ્ધ થયેલ દાનને ઉદ્દેશીને આ પ્રમાણે આશીર્વાદ દેતા હવા:—

" प्रत्यूषः पुण्यपूष्ण कुलिशविलसितं दुर्गदौर्गत्यमुद्रा-
रौद्राद्रेः स्वर्भवांतर्भवविभवनवारामसेकारघट्टः ।
नानाधिव्याधिवल्गन् मृगकुलकवलीकारपारींद्रपोतः,
स्रोतः सिद्धिस्रवंत्याः प्रभवतु भवतां भूतये दानधर्मः " ॥ १ ॥

"પુણ્યરૂપ સૂર્યના જે એક પ્રભાતકાળતુલ્ય છે, દુષ્ટ એવી દુર્ગતિની મુદ્રાતુલ્ય રૌદ્રધ્યાનરૂપ પર્વતને ભેદી નાખવામાં જે વજ્રતુલ્ય છે, સ્વર્ગ અને બીજા સંસારી સુખો તેમજ મોક્ષના સુખરૂપ નૂતન બગીચાનું પોષણ કરવામાં જે અરઘટ્ટ સમાન છે. નાનાપ્રકારના આધિ, વ્યાધિરૂપ વળગતા મૃગલાઓને કવળતુલ્ય કરી દેવામાં જે એક સિંહના સુત સમાન છે, અને જે સિદ્ધિરૂપ સરિતાના એક પ્રવાહસમાન છે એવો દાનધર્મ, હે ભવ્યો! તમારી સમૃદ્ધિની વૃદ્ધયર્થે થાઓ."

॥ इति दानादिचतुष्क संवादः ॥

---

संवादसुंदर इति प्रथिताह्वयोऽयं, ग्रंथश्चिरं जयतु रंजयतु ज्ञलोकम् ।
संवादमेकमपि यस्य सुवर्णमाप्य, व्याख्यावपुर्भवति मेदुरमंडनश्रीः ॥ १ ॥

---

॥ इति श्रीरत्नमंडनसूरिकृतनवसंवादमयः समाप्तोयं संवादसुंदरग्रंथः ॥

## મહાવીર જયંતિ.

ચરમ તીર્થંકર વીરપરમાત્માનો જન્મ ચૈત્ર શુદિ ૧૩ની મધ્ય રાત્રિએ થયો હતો. ઇંદ્રાદિકે તો તે રાત્રેજ જન્મોચ્છવ કર્યો હતો. સિદ્ધાર્થ રાજાએ શુદિ ૧૪ શે પ્રભાતે કર્યો હતો. આપણે જન્મતિથિને ઉદ્દેશીને જયંતિરૂપ મહોત્સવ કરવાનો છે; જન્મોચ્છવની વર્ષગાંઠ કરવાની નથી. તેથી તે શુદિ ૧૩ના રોજ કરવાનું ઉચિત છે. જન્મ કલ્યાણક સંબંધી તપ પણ શુદિ ૧૩ના રોજ કરવામાં આવે છે. તેને જન્મ થયા અગાઉ કરીએ છીએ એમ ગણવાનું નથી પણ તે તિથિએ કરીએ છીએ એમજ સમજવાનું છે. તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जैनश्वेतांबर कोरन्फन्सनुं दशमुं अधिवेशन.

## ચૈત્ર વદિ ૪–૫–૬ તા. ૨૧–૨૨–૨૩ એપ્રીલ.

**શ્રીસુજાણગઢ** ખાતે ભરવામાં આવેલી નવમી કોન્ફરન્સ વખતે આમંત્રણ કરવામાં આવ્યું હતું તેને અનુસરીને દશમી કોન્ફરન્સ **મુંબઈ** ખાતે ભરવાની હીલચાલ બહુ વખતથી ચાલતી હતી. પરંતુ પ્રમુખ સંબંધી ગોઠવણને અંગે લંબાણુ થયા કરતું હતું. હાલમાં **શેઠ બાલાભાઈ મગનલાલ નાણાવટી** એલ. એમ. એન્ડ એસ. જેઓ ગાયકવાડ મહારાજાના ચીફ મેડીકલ ઓફીસર છે અને અમદાવાદના એક જૈન ગૃહસ્થ છે, તેમણે પ્રમુખસ્થાન લેવાનું સ્વીકારવાથી ચાલતા માસની ઉપર લખેલી મિતિએ મુંબઇ ખાતે ત્રણ દિવસ પર્યંત દશમું અધિવેશન કરવાનું મુકરર કરવામાં આવ્યું છે.

રીસેપ્શન કમીટીના ચેરમેન **શેઠ કલ્યાણચંદ સોભાગચંદ ઝવેરીને** નીમવામાં આવ્યા છે. ચીફ સેક્રેટરી તરીકે **રા. રા. મકનજી જુઠાભાઈ મહેતા બારીસ્ટર** અને **મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટરને** નીમવામાં આવ્યા છે. શ્રી મુંબઈના શ્રી સંઘે એકત્ર મળીને શ્રી સંઘ તરફથી આમંત્રણ કરવાનો સ્વીકાર કર્યો છે. અને તદનુસાર આખા હિંદુસ્થાનમાં સર્વત્ર શ્રી સંઘને, આગેવાન ગૃહસ્થોને, જૈન સંસ્થાઓને, તેમજ અન્ય યોગ્યતાનુસાર આમંત્રણ પત્રો પણ મોકલાઇ ચુકયા છે. હવે ચોતરફ ડેલીગેટોની ચુંટણી થવા સંબંધી હીલચાલ શરૂ થઇ છે. ડેલીગેટોની ફી રૂ. ૩) ઠરાવવામાં આવી છે. શ્રી સંઘને ઉતારે ઉતરનારને માટે ભોજન ખર્ચ સાથે રૂ. ૫) લેવા ઠરાવ્યા છે. વીઝીટરની ફી રૂ. ૨) ઠરાવેલી છે. રીસેપ્સન કમીટીના મેમ્બરોની ફી રૂ. ૧૦ ઠરાવવામાં આવી છે.

મુંબઈ ખાતે રીસેપ્શન કમીટીમાં સારી સંખ્યા નીમાણી છે. ૨૦ ગૃહસ્થોને વાઇસ પ્રમુખ નીમવામાં આવ્યા છે. તદુપરાંત મંડપ કમીટી, ઉતારા કમીટી, ભોજન કમીટી, વોલંટીયર કમીટી, રેઝ્યુલેશન ડ્રાફ્ટ કમીટી વિગેરે કમીટીઓ નીમાઈ ગઈ છે અને દરેક કમીટીએ પોતાનું કામ શરૂ કરી દીધું છે. મુદત ઘણી ઓછી છે છતાં કામ કરનારા અનુભવી તેમજ સતત ઉદ્યોગી હોવાથી ટુંકા વખતમાં કામ પાર ઉતારવાને ઉત્સાહભેર પ્રયત્નશીલ થઇ ગયા છે.

બહારગામથી ડેલીગેટો ચુંટાઇ આવવાની મુદત તા. ૧૫ મી એપ્રીલ સુધીની ઠરાવી છે. વોલંટીયરોને માટે તો તા. ૧ લી અગાઉ નામ નોંધાવવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આ વખત કોઇપણ પ્રકારની ઉપાધિ શિવાય શાંતિથી કાર્ય થઇ શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી ગોઠવણ કરવામાં આવી છે. રેઝ્યુલેશનનો ડ્રાફ્ટ કરનારી કમીટીએ ડ્રાફ્ટ તૈયાર પણ કરેલ છે. તે થોડા વખતમાં છપાઇને બહાર પડનાર છે અને તે સંબંધી વિચાર કરવા માટે બહાર ગામ મોકલવાના છે. વોલંટીયર સુપરીન્ટેન્ડેન્ટ તરીકે **શેઠ નરોતમદાસ ભાણજીભાઈને** નીમવામાં આવ્યા છે. તેઓએ ભાવનગરની કોન્ફરન્સ વખતે તેજ હોદ્દાનો અનુભવ મેળવેલો છે, તેથી વોલંટીયર ખાતું પણ આ વખત શોભી નીકળવા સંભવ છે. ચોતરફથી ઉત્સાહ વૃદ્ધિમાન થવાના ખબર આવે છે. જૈન કોમના હિતનો વિચાર કરનારૂં આ મંડળ સર્વને સન્માનપાત્ર છે. અને તેની અંદર ભાગ લઇને યથાશક્તિ તન મન ને ધનનો તેમજ પોતાને પ્રાપ્ત થયેલ દરેક પ્રકારની શક્તિનો સદુપયોગ કરવો એ દરેક જૈન નામ ધરાવનારની ફરજ છે. જો કોન્ફરન્સે જૈનોનું અત્યંત હિત કર્યું એમ કહેવરાવવા માગતા હઇએ તો આપણે દરેક વ્યક્તિએ તેમાં ભાગ લેવો જોઇએ, સહાયક થવું જોઇએ, સંપ વધારવો જોઇએ, પરસ્પર કેમ અનુકૂળ થવાય તે શીખવું જોઇએ અને આપણા બધાનાં સત્કાર્યનો સરવાળો બાંધી તે કોન્ફરન્સે કર્યું એમ પ્રસિદ્ધ કરવું જોઇએ.

મુંબઈ વ્યાપારનું કેંદ્રસ્થાન છે, ત્યાં જવામાં એક પંથને બે કાર્ય સિદ્ધ થઈ શકે તેમ છે. વળી લાંબે વખતે આ પ્રસંગ પ્રાપ્ત થયેલ છે, તો તેની અંદર દરેક આગેવાનોએ બની શકતા સુધી લાભ લેવા માટે અવશ્ય જવું જોઇએ. દરેક ગામ અને શહેરના શ્રીસંઘે તેમજ દરેક જૈન સંસ્થાએ ભાવનગરમાં મુકરર કરેલી સંખ્યા અનુસાર ડેલીગેટોની ચુંટણી કરીને તાકીદે મુંબઈ લખી મોકલવું જોઇએ. અવસર મળે ત્યારે પોતાની જાગૃતિ બતાવી આપવી જોઇએ. જુના વિચારવાળા હોય કે નવા વિચારવાળા હોય પણ બંનેનું સાધ્ય આપણી કોમનું હિત કેમ થાય? તેજ વિચારવાનું છે અને હિતની વૃદ્ધિ કરવાનોજ બંનેનો હેતુ છે, તો તેમને મળી જતાં–એકત્ર થતાં વાર લાગે તેમ નથી; કારણકે કોઈપણ અવનતિ કરવા માગતું નથી, માત્ર ઉન્નતિના માર્ગના ભેદને લઇને વિચારમાં ભેદ જણાય છે. તે સર્વે આવા ભવ્ય મેળાવડાથી દૂર થઈ જાય છે. અને વિદ્વાનોની વિદ્વત્તાનો, બુદ્ધિમાનોની બુદ્ધિનો અને દ્રવ્યવાનોના દ્રવ્યનો આવે પ્રસંગે આખી કોમને લાભ મળે છે. આશા છે કે આ શુભ પ્રસંગનો સર્વે જૈનબંધુઓ સારી રીતે લાભ લેશે અને શાંતિથી પોતપોતાના વિચારો જણાવી, જેના વિચાર શ્રેષ્ટ જણાય તે ગ્રહણ કરી, કોમના હિતને અંગે યોગ્ય પ્રયત્ન કરવાના દ્વાર ખુલાં કરશે; તે સાથે સંપની વૃદ્ધિ કરવાના પરમ આવશ્યક કર્ત્તવ્યને સતત સ્મરણમાં રાખશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

અમારી તરફથી છપાઈને બહાર પડેલ વેચાણ બુકનું લીસ્ટ તથા તેના બધારા ઉપરાંત નીચે જણાવેલી બુકો ને ગ્રન્થો પણ અમારે ત્યાંથી વેચાણ મળશે.

| | | |
|---|---|---|
| ૧ | અભિધાન ચિન્તામણિ કોષ. સટીક | ૪-૦-૦ |
| ૨ | આનંદ કાવ્ય મહોદધી. મૌકિતક ૧ લું (દે-લા) | ૦-૧૧-૦ |
| ૩ | સદર ,, ,, ૨ જું (દે-લા) | ૦-૧૧-૦ |
| ૪ | સદર ,, ,, ૩ જું (દે-લા) | ૦-૧૧-૦ |
| ૫ | ઉપદેશ રત્નાકર. સટીક (દે-લા.) | ૧-૬-૦ |
| ૬ | ઉપમિતિભવપ્રપંચા કથાના અંકો૧૪-૧૫. દરેક અંકના | ૦-૧૧-૦ |
| ૭ | આનંદઘન પદ્મરત્નાવળી. | ૨-૦-૦ |
| ૮ | ઉપદેશ પ્રાસાદ. સ્થંભ ૬. મૂળ. | ૧-૮-૦ |
| ૯ | ઉપદેશમાળા અને યોગશાસ્ત્ર મૂળ | ૦-૮-૦ |
| ૧૦ | કલ્પસૂત્ર મૂળ (બારસો) (દે-ક્ષા) | ૦-૯-૦ |
| ૧૧ | કુમારપાળ ચરિત્ર. હિંદી. | ૦-૬-૦ |
| ૧૨ | ચૌદ સ્વપ્નનું રહસ્ય. (ચીત્રો સહીત) | ૦-૨-૦ |
| ૧૩ | ચંપક શ્રેષ્ઠી કથા. સંસ્કૃત. પ્રત | ૦-૮-૦ |
| ૧૪ | ચતુર્વિંશતિજિન સ્તુતિ. સંસ્કૃત. (દે-લા) | ૦-૨-૬ |
| ૧૫ | શ્રી ચંદ્રચરિત્ર. સંસ્કૃત. (હી-હં) | ૫-૦-૦ |
| ૧૬ | જૈનસઝાયમાળા. ભાગ-૪ થો ગુજરાતી. | ૧-૧-૦ |
| ૧૭ | જૈનસઝાય માળા. ભાગ ૧-૨-૩-૪ સાથે. શાસ્ત્રી. | ૧-૮-૦ |
| ૧૮ | જૈનકથારત્નકોષ. ભાગ ૧ લો. (ત્રણે પ્રકરણો) | ૨-૮-૦ |
| ૧૯ | જૈનમાર્ગ દિપીકા. | ૦-૧૨-૦ |
| ૨૦ | જીવવિચાર ટીકા. (પ્રત) મેસાણાની. | ૦-૪-૦ |
| ૨૧ | જૈનદષ્ટિએ યોગ. (સભાની) | ૦-૮-૦ |
| ૨૨ | જંબુદ્રીપ સંગ્રહણી ટીકા. ,, | ૦-૪-૦ |
| ૨૩ | તપોરત્ન મહોદધી. (તપાવળી) | ૦-૮-૦ |
| ૨૪ | ચેતનકર્મચરિત્ર. | ૦-૪-૦ |
| ૨૫ | ધર્મ દેશના. (જૈન પત્રની) | ૧-૦-૦ |
| ૨૬ | ધર્મસંગ્રહ ગ્રંથ. સંસ્કૃત. (દે-લા.) | ૧-૧-૦ |
| ૨૭ | ધર્મરત્ન મંજૂષા. ભાગ ૧ લો. (હી-હં) | ૪-૮-૦ |
| ૨૮ | પંચપ્રતિક્રમણ સૂત્ર સાવચૂરી. (મેસાણા) | ૦-૧૧-૦ |
| ૨૯ | પર્યુષણ મહાપર્વ મહાત્મ. ,, | ૦-૮-૦ |
| ૩૦ | પંચપ્રતિક્રમણ સૂત્રાર્થયુક્ત. પાકી. | ૦-૬-૦ |
| ૩૧ | પ્રિયંકર ચરિત્ર. સંસ્કૃત (હી-હં) | ૧-૧૨-૦ |

For Private And Personal Use Only

| | | |
|---|---|---|
| ૩૨ | પઉમચરિયં માગધી. ગાથાબંધ. ( સભાનું ) | ૨-૮-૦ |
| ૩૩ | પ્રકરણાદિ વિચાર ગર્ભિત સ્તવન સંગ્રહ. બીજી આવૃત્તિ. | ૦-૬-૦ |
| ૩૪ | ભુવનભાનુ કેવળી ચરિત્ર. સંસ્કૃત ( હી-હં ) | ૨-૧૨-૦ |
| ૩૫ | ઋષિમંડળ યંત્રપૂજા ( દિગંબારી ) | ૦-૫-૦ |
| ૩૬ | લલિત વિસ્તરા ટીકા. સંસ્કૃત ( દે-લા ) | ૦-૯-૦ |
| ૩૭ | વાર્તા સંગ્રહ. ભાગ ૪ થો. ગુજરાતી. | ૦-૩-૦ |
| ૩૮ | વિશસ્થાનકપદકથાસંગ્રહ. | ૦-૧૨-૦ |
| ૩૯ | વિવિધ પૂજાસંગ્રહ. ( આત્મારામજી મહારાજ કૃત ) નવી આવૃત્તિ | ૦-૮-૦ |
| ૪૦ | વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ. | ૨-૮-૦ |
| ૪૧ | સુરસુંદરીનો રાસ. ગુજરાતી. | ૦-૪-૦ |
| ૪૨ | સંગ્રહણી સૂત્ર. સટીક ( દે-લા ) | ૦-૧૩-૦ |
| ૪૩ | પદ્મ પુરૂષ ચરિત્ર સંસ્કૃત ( દે-લા ) | ૦-૨-૬ |
| ૪૪ | શાસ્ત્ર વાર્તા સમુચ્ચય ( દે-લા ) મોટી ટીકા. સંસ્કૃત. | ૨-૩-૦ |
| ૪૫ | શ્રાવક પ્રજ્ઞપ્તિ. સટીક. | ૦-૧૦-૦ |
| ૪૬ | સ્થુળીભદ્ર ચરિત્ર સંસ્કૃત. ( દે-લા ) | ૦-૨-૬ |
| ૪૭ | સમરાઈચ્ચ કહાના અંકો ૫-૬ દરેક અંકના. | ૦-૧૧-૦ |
| ૪૮ | શાન્તિનાથ ચરિત્રના અંકો ૩-૪ દરેક અંકના. | ૦-૧૧-૦ |
| ૪૯ | ષડ્દર્શન સમુચ્ચયના અંકો ૩ ,, | ૦-૧૧-૦ |
| ૫૦ | સ્તવનાવળી. ( સિદ્ધાચળજી વિગેરેની ) | ૦-૩-૦ |
| ૫૧ | સુમિત્ર ચરિત્ર. સંસ્કૃત ( હી-હં ) | ૧-૦-૦ |
| ૫૨ | સૂક્ષ્માર્થ સારોદ્ધાર સાર્ધશતક—સટીક. | ૧-૦-૦ |

**ગ્રાહકોને ભેટ તરીકે બીજી બુક શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતરની આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. આ ચરિત્ર અત્યંત રસિક છે.**

**લાઈફ મેમ્બરોને તો શ્રીપાળરાસ, યુગાદિ દેશના ભાષાંતર, પ્રિયંકર ચરિત્ર ભાષાંતર અને ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર આ ચારે બુકો ભેટ તરીકે આપવાની છે.**

**નવા જૈન પંચાગો બહાર પડી ચુકયા છે. કિંમત અરધો આનો.**

**નવા મેમ્બરોના નામ.**

| લાઈફમેમ્બર. (૬) | પહેલા વર્ગના મેમ્બર. (૪) |
|---|---|
| શા. ઓધડભાઈ રામજી. બીઆવર. | શા. ભાઈચંદ મોતીચંદ. લાઠોલ. |
| સંઘવી જેચંદ દલીચંદ. ભાવનગર. | શા. દેવશી ડાયાભાઈ. ધોળેરા. |
| શા. કુંવરજી મુળચંદ. ,, | શા. દામોદર ગોવિંદજી. ભાવનગર. |
| શા. મગનલાલ ધેલાભાઈ. અમદાવાદ. | શા. વ્રજલાલ દયાળજી. ,, |

**પરી. બાલાભાઈ દલસુખભાઈ તથા છોટાલાલ દેવચંદ. કપડવંજ.**